PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST
Senior Superintendent, Class II, Advt No. 62/2016-17(AAE)
Preliminary Test on 02-04-2017
Subeject Que : 101-300
Publish Date : 04-04-2017
Last Date to send suggestion(s) :11-04-2017
Note: Candidate must ensure the compliance to send all suggestion in the given format with reference to this paper with provisional answer key only.

101. નીચે પૈકી મુલકી સેવા નિયમો અન્વયે કયા વિધાન ખરા છે ?

(i) બઢતીથી નિમણૂંક પામેલ કોઈપણ વ્યક્તિએ હાજર થયાના 6 માસમા શારીરિક યોગ્યતા તપાસનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે.

(ii) નેપાળનો પ્રજાજન રાજ્યની કોઈપણ સેવા કે જગા પર નિમણૂંક મેળવી શકે છે.

(iii) વર્ગ-4 તરીકે વર્ગીકૃત કરેલ જગાઓ ઉતરતી સેવા તરીકે ઓળખાય છે.

(iv) જાહેર સેવા આયોગને પૂછીને નિમણૂંક કરવાની હોય તો આયોગ ઠરાવે તેવો ચારિત્ર્યનો પુરાવો સીધી ભરતીથી નિમાયેલા / નિમાવા પત્ર વ્યક્તિએ રજૂ કરવાનો હોય છે.

(A) (i) અને (ii)
(B) (iii) અને (iv)
(C) (i), (ii), (iii), (iv) બધા જ
(D) (ii), (iii) અને (iv)

102. સામાન્ય વહીવટ વિભાગના તા. 29/9/2012ના જાહેરનામાથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમોના નિયમ 9 માં સુધારો કરી કોઈપણ સેવા અથવા જગા ઉપર સ્નાતકની પદવી ધરાવનારની ભરતી માટેની ઉપલી મર્યાદામાં વધારો કરેલ છે. આ સુધારાથી ઉપલી વય મર્યાદા કેટલી નક્કી થયેલ છે ?

(A) 30 વર્ષ
(B) 28 વર્ષ
(C) 32 વર્ષ
(D) 35 વર્ષ

103. સીધી પસંદગીથી તાબાની સેવા અથવા જગા ઉપર નિમણૂંકના કિસ્સામાં અજમાયશી સમય કેટલી મદતનો હોય છે ?

(A) 3 વર્ષ
(B) 2 વર્ષ
(C) 1 વર્ષ
(D) 4 વર્ષ

104. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમોના નિયમ 9 – ક અનુસાર નિયત પગારે ઉતરતા દરજ્જાની સેવામાં કરાર આધારીત નિમણૂંક પામેલ કર્મચારીએ કોમ્પ્યુટરની જાણકારી માટેની CCC પરીક્ષા કેટલા સમયમાં પાસ કરવાની હોય છે ?

(A) હાજર થયાના 3 માસમાં
(B) હાજર થયાના 6 માસમાં
(C) અજમાયશી સમયપૂર્ણ થાય તે પહેલા
(D) આવી પરીક્ષા પાસ કરવું ફરજિયાત નથી

105. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમોમાં વખતોવખત સુધારા કરી નિયમ 16 – ગ, 16 – ઘ, 16 – ચ, 16 – છ, વિગેરે ઉમેરવામાં આવેલ છે. આ સુધારા કઈ બાબતને લગતા છે ?

(A) લાયકાતની પરીક્ષા પાસ કરવા છૂટછાટ બાબત

(B) નિમણૂંકની ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવા બાબત

(C) કોમ્પ્યુટરની જાણકારીની પરીક્ષા પાસ કરવા અંગે છૂટછાટ બાબત

(D) જાહેરસેવા આયોગનો પરામર્શ કરવા બાબત

106. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો 1967 તમામ સરકારી કર્મચારીઓને લાગુ પડે છે સિવાય કે .......... .

(A) પ્રતિ નિયુક્તિ પર કેન્દ્ર સરકારની સેવામાં ફરજ બજાવતો હોય.

(B) પોલીસ દળના તાબાની સેવાના હોદ્દા ધરાવતા સભ્યો.

(C) ગુજરાત વહીવટી સેવા વર્ગ – 1ના સભ્યો

(D) તબીબી શિક્ષણ સેવા વર્ગ – 1ના સભ્યો

107. ગુજરાત મુલકી સે વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 માં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યાખ્યા 6 – ક કયા વર્ષમાં ઉમેરાઈ ?

(A) 1978
(B) 1985
(C) 1969
(D) 1975

108. એક વર્ગ – 2 ના અધિકારીને વર્ગ – 1 માં બઢતી પ્રાપ્ત કરવા પાંચ વર્ષના અનુભવની લાયકાત નક્કી થયેલ છે. પરંતુ આવા ઉમેદવારો પુરતા પ્રમાણમાં મળતા ન હોય તો જાહેર હિતમાં વર્ગ – 1 ની જગા ભરવુ આવશ્યક જણાય તો અનુભવની લાયકાતમાં કેટલી છૂટછાટ મૂકી શકાય ?

(A) 1% અથવા 6 માસ
(B) 33.33% અથવા 20 માસ
(C) 20% અથવા 1 વર્ષ
(D) 25% અથવા 1 1/4 વર્ષ

109. નીચેના વિધાનો ચકાસો અને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

<u>વિધાન 1 :</u> કોઈપણ પુરૂષ વ્યક્તિ જેને એક કરતા વધારે પત્ની હોય તો તે રાજ્ય સરકારની કોઈપણ સેવામાં નિમણૂંક માટે ગણાશે નહીં.

<u>વિધાન 2 :</u> કોઈપણ સ્ત્રી જેણે એવા પુરૂષ સાથે લગ્ન કર્યુ હોય કે જેને બીજી પત્ની હયાત છે તે કોઈપણ સંજોગોમાં સરકારની નિમણૂંક માટે લાયક ગણાય નહીં.

(A) બંને વિધાનો ખોટા છે.
(B) વિધાન 1 સાચું છે, વિધાન 2 પૂર્ણતઃ સાચું નથી.
(C) બંને વિધાનો પૂર્ણતઃ સાચા છે.
(D) વિધાન 1 ખોટું છે, વિધાન 2 સાચું છે.

110. હંગામી ધોરણે નિમાયેલ સરકારી કર્મચારી આયોગ દ્વારા તે જ જગા પર નિમણૂંક માટે પસંદ થાય ત્યારે આયોગ તેની ભલામણ કરતી વખતે અજમાયશની મુદતમાં કેટલો ઘટાડો કરવાની ભલામણ કરી શકે ?

(A) વધુમાં વધુ 6 માસ

(B) તેણે અગાઉ જે મુદત માટે નોકરી કરી હોય તેટલો સમય

(C) વધુમાં વધુ 1 વર્ષ

(D) આયોગને આવી ભલામણ કરવાની સત્તા નથી

111. અનુસૂચિત જાતિ માટે આનામત રાખેલી કોઈ જગાઓ બઢતી ભરવાના પ્રસંગે ઓછામાં ઓછો અનુભવ ધરાવતી યોગ્ય વ્યક્તિ ત્રણ ભરતી પ્રસંગો બાદ પણ ન મળે તો શું કરવું જોઈએ ? સૌથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) તે જગાના ભરતી નિયમોમાં સીધી પસંદગીથી નિમણૂંક માટેની જોગવાઈ હોય તો જ તે જગા સીધી પસંદગીથી ભરી શકાય.

(B) સીધી પસંદગીથી ભરવાની જોગવાઈ ન હોય તો પણ તે જગા સીધી પસંદગીથી ભરી શકાય.

(C) સરકારની મંજૂરી લઈ 6 માસ પછી ચોથો પ્રયત્ન કરવો જોઈએ.

(D) જગા બિન અનામતમાં રૂપાંતર કરી હંગામી બઢતી આપવી જોઈએ.

112. સરકારી કર્મચારી વર્ગ – 1 અથવા વર્ગ – 2ની જગા માટે સીધી ભરતીથી ભરવાપાત્ર જગા પર અરજી કરે અને આવી જગા માટે અનુભવની આવશ્યક્તા ન હોય તો ઉપલી વયમર્યાદામાં તેને કેટલી છૂટ મળી શકે ?

(A) તેણે જેટલા વર્ષ નોકરી કરી હોય તેટલા વર્ષ પણ વધુ 5 વર્ષ

(B) ગમે તેટલી નોકરી કરી હોય પણ વધુમાં વધુ 2 વર્ષ

(C) તેણે જેટલા વર્ષ નોકરી કરી હોય તેટલા વર્ષ પણ વધુમાં વધુ 7 વર્ષ

(D) સીધી ભરતી માટે આવી કોઈ છૂટછાટ મળી શકે નહીં.

113. કચેરીમાં આવતી તમામ ટપાલો સામાન્ય રીતે જે તે શાખામાં દરરોજ કેટલા વખત વહેંચવી જોઈએ ?

(A) બે વખત

(B) એક વખત

(C) બે થી ચાર વખત

(D) કચેરી કાર્ય પદ્ધતિમાં આ અંગે કોઈ સૂચના નથી

114. આવક રજીસ્ટરમાં દિવસની શરૂઆત કયા રંગની પેનથી કરવામાં આવે છે ?

(A) લીલી

(B) વાદળી

(C) લાલ

(D) કાળી સ્કેચ પેન

115. જે કાગળોનો નિકાલ કરવો અધુરી વિગતો ઉપલબ્ધ હોવાને શક્ય ન હોય તે કાગળોને "રાહ જોવાના કાગળો" ના બંડલમાં મૂકવાના હોય ત્યારે કઈ કાળજી રાખવી જોઈએ ?

(A) કાગળ કચેરીમાં આવ્યાના ક્રમમાં વહેલો તે પહેલો ના ધોરણે મૂકવો

(B) અપેક્ષિત જવાબની તારીખ સૌથી વહેલી હોય તે પ્રથમ, તે રીતના ક્રમમાં મૂકવા

(C) અપેક્ષિત જવાબની તારીખ છેલ્લી હોય તે પ્રથમ, તે રીતના ક્રમમાં મૂકવા

(D) જે કાગળ માટે વધુ સ્મૃતિપત્રો પાઠવ્યા હોય તે કાગળ અગ્રતાક્રમે મૂકવા

116. કચેરી કાર્ય પદ્ધતિમાં નક્કી થયા અનુસાર કેટલા કાગળો સુધીની નોંધણી માટે ટપાલ શાખામાં એક કારકુન હોવો જોઈએ ?

(A) 230

(B) 108

(C) 390

(D) 309

117. કાર્યપત્રકના હેતુ માટે નીચે જણાવ્યા પૈકી કયા પ્રકારના કાગળો આવેલા કાગળો (Receipts) ગણાતા નથી ?

(A) એકની એક જ વ્યક્તિએ બીજા અધિકારીઓને કરેલ નિવેદનની વધારાની નકલો

(B) અધિકારીઓને સીધા મોકલેલ કેસો પર કચેરીએ બિન રેકર્ડ (off the record) મૂકી હોય તો તે

(C) જેના પર કાર્યવાહી કરવાની હોય તેવી અધિકારીઓને મૂકેલી સ્વતંત્ર નોંધ

(D) અનુમતિ મળ્યાબાદ મુસદ્દા રજૂ કરવા આવેલા ફરી રજૂ કરવાના કેસો

118. કારકુને "ઘણો જરૂરી" તરીકે દર્શાવેલ કેસ તે મળ્યાના કેટલા સમયમાં રજૂ કરવાનો હોય છે ?

(A) 2 દિવસ
(B) 1 સપ્તાહ
(C) 3 દિવસ
(D) 24 કલાક

119. નીચેનામાંથી કયુ વિધાન ખરૂ છે ?

(A) કચેરી હુકમનું લખાણ બીજા પુરૂષમાં કરવામાં આવે છે.

(B) રાજયત્રિત અધિકારીઓની નિમણૂંક રજા અને બદલીઓની જાહેરાત જાહેરનામા દ્વારા થાય છે.

(C) અમૂક સૂચનાઓ એક સાથે ઘણાં અધિકારી / કર્મચારીઓને જણાવવાની હોય ત્યારે યાદીનો ઉપયોગ થાય છે.

(D) મૂળ લખાણ તે મોકલનારને પરત મોકલવાનું હોય ત્યારે નીમ સરકારી પત્રનો ઉપયોગ થાય છે.

120. નીચે પૈકીનું કયું વિધાન ખરૂં નથી ?

(A) યાદી બીજા પુરૂષમાં લખવામાં આવે છે.

(B) કચેરીના કર્મચારીઓને કોઈ નિર્ણયની આંતરીક રીતે જાણ કરવા "કચેરી હુકમ"નો ઉપયોગ થાય છે.

(C) ભારત સરકાર અને અન્ય રાજ્ય સરકારો સાથેનો પત્ર વ્યવહાર સચિવાલયના સંબંધિત વિભાગ દ્વારા જ કરવો જોઈએ.

(D) પોતે કચેરીના વડા ન હોય તેવા બિન રાજ્યપત્રિત અધિકારીઓ નીમ સરકારી પત્ર લખી શકે નહીં.

121. કાગળો / ફાઈલોના વિષયોની કક્કાવાર સૂચિ અધતન રાખવાની કામગીરી કચેરીની કઈ શાખાએ કરવાની હોય છે ?

(A) વહીવટી શાખા
(B) મહેકમ શાખા
(C) રજીસ્ટ્રી શાખા
(D) રેકર્ડ શાખા

122. વિધાનસભાના પ્રશ્નોનું રજીસ્ટર કયા નમૂના મુજબ નિભાવવું જોઈએ ?

(A) પરિશિષ્ટ – 32 પ્રમાણે
(B) પરિશિષ્ટ – 33 પ્રમાણે
(C) પરિશિષ્ટ – 34 પ્રમાણે
(D) પરિશિષ્ટ – 35 પ્રમાણે

123. વર્ષ 2010માં 25 June ના રોજ બંધ કરવામાં આવેલ 'ગ' વર્ગની ફાઈલ કઈ તારીખે નાશ કરવાપાત્ર થાય ?

(A) તા.: 01/07/2017
(B) તા.: 01/01/2016
(C) તા.: 01/01/2017
(D) તા.: 31/12/2015

124. પરબીડીયા પર લગાવવામાં આવેલી ટિકિટોની કિંમતની નોંધ ક્યાં કરવામાં આવે છે ?

(A) રવાનગી રજીસ્ટર ખાના નં: 1
(B) રવાનગી રજીસ્ટર ખાના નં: 2
(C) આવક રજીસ્ટર ખાના નં: 4
(D) રવાનગી રજીસ્ટર ખાના નં: 3

125. સરકારી કામમાં વિલંબ થવાના કેટલાક કારણો નીચે આપેલ છે, તેમાંથી કયા કારણ / કારણો માટે કચેરીના વડા સીધા જવાબદાર ગણી શકાય ?

(i) દફતર વ્યવસ્થિત ન ગોઠવેલ હોય

(ii) જરૂરી અધિનિયમો, નિયમો, સ્થાયી સૂચનાઓ હાથ પર ન હોય

(iii) કારકુન વચ્ચે કામની વહેંચણી સપ્રમાણ ન હોય

(iv) કર્મચારીની નીતિ અનૈચ્છિક હોય

(v) કામનો અભ્યાસ કરી નિકાલ કરવા પરત્વે રખાયુ હોય

(A) (i) અને (ii)
(B) (ii) અને (iii)
(C) માત્ર (iii)
(D) (iii), (iv) અને (v)

126. કચેરીના વડાએ કારકુનોના ટેબલનું નિરીક્ષણ કેટલા વખતમાં કરવું જોઈએ ?

(A) દર 6 માસમાં
(B) દર 9 માસમાં
(C) દર 3 માસમાં
(D) દર 12 માસમાં

127. દફતરે થયેલ કાગળોની ફેરિસ્ત કોને કહેવાય ?

(A) ખાનગી, અતિખાનગી કેસો જે રજીસ્ટરમાં નોંધવામાં આવે તો

(B) ડોકેટ પાના નીચે ચાલતા કેસ બંધ થયા પછી દફતર ખંડમાં સોંપતી વખતે જે રજીસ્ટરમાં નોંધવામાં આવે તે

(C) 'ઘ' વર્ગના કાગળો જે રજીસ્ટરમાં નોંધનામાં આવે તે

(D) મુદતી પત્રકોની નોંધ જે રજીસ્ટરમાં કરવામાં આવે તે

128. નિમણૂંક, બદલી, ઈજાફા વગેરે બાબતો અંગેના દફતર માટે કયો ત્રિવર્ણ વપરાય છે ?

(A) પરચ
(B) મકમ
(C) વહટ
(D) જમન

129. સમગ્ર શિર્ષક એટલે શું ?

(A) ફાઈલનો નંબર અને શિર્ષક
(B) મથાળુ, પેટા મથાળુ વિષય વસ્તુ
(C) ફાઈલનો વિષય
(D) ફાઈલનો ત્રિવર્ણ

130. કોઈ બિનરાજ્ય પત્રિત કર્મચારીની પુત્રીને સરકારી સહાય મેળવતી સંસ્થામાં નોકરી મળે તો તેણે શું કરવું જોઈએ ?

(A) સરકારની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ હાજર કરવા

(B) સરકારને ખાતાના વડા મારફતે જાણ કરવી

(C) કચેરીના વડાની મંજૂરી મેળવીને નોકરી સ્વીકારવી

(D) કોઈપણ જાતની મંજૂરી / જાણ વગર નોકરી પર જોડાઈ શકાય

131. નીચે પૈકીનું કયું વિધાન સાચું છે ?

(A) સરકારી કર્મચારી પોતાની સેવાની શરતોના સંબંધમાં સરકારની ટીકા કરી શકે.

(B) સરકારી કર્મચારી પોતાના હોદ્દાની રૂએ સરકારી નીતિ વિષે ટિકાત્મક નિવેદન કરી શકે.

(C) કર્મચારી મંડળના હોદ્દેદાર કર્મચારીની સેવાના સંબંધમાં નોકરીની સલામતી કે સુધારણા માટે સરકારની ટીકા કરી શકે.

(D) સંપૂર્ણ સાહિત્યિક કે કલાવિષયક પ્રકાશન કરતા પહેલા સરકારને લિખિત જાણ કરવી આવશ્યક છે.

132. નીચે પૈકી ઘટનામાં ગેરવર્તણૂંક થઈ ગણાશે ?

(A) પોતાની બદલી થતા સન્માન સમારંભમાં કર્મચારી હાજર રહે છે.

(B) જાહેર સંસ્થાએ યોજેલ સન્માન સમારંભમાં કર્મચારી પરવાનગી મેળવીને હાજર રહે છે.

(C) પોતાની નિવૃત્તિ નેળાએ વિદાય સમારંભમા કર્મચારી હાજર રહે છે.

(D) રાજયત્રિત અધિકારીના સન્માન માટે બિન રાજ્યપત્રિત કર્મચારીઓ પાસેથી ફાળો ઉઘરાવાય છે.

133. નીચે પૈકી કયા પ્રસંગોમાં ગેરવર્તણૂંક થતી નથી ?

(A) કર્મચારી પોતાની બદલી માટે ધારાસભ્યશ્રી મારફતે રજૂઆત કરાવે છે.

(B) પોતાની સિનીયોરિટી નક્કી કરવા માટે કર્મચારી કચેરીના વડા મારફતે ખાતાના વડાને અરજી કરે છે.

(C) પોતાની સામેની ખાતાકિય તપાસ બંધ કરવા કચેરીના વડા સામેના આક્ષેપાત્મક પત્રો વર્તમાનપત્રોને મોકલે છે.

(D) ઉચ્ચતર પગાર ધોરણ મળવા અંગે સંસદસભ્યશ્રી મારફત ભલામણ કરાવે છે.

134. નીચે પૈકી કઈ બાબતોમાં ગેરવર્તણૂંક થતી નથી ?

(A) કર્મચારી પોતાની પત્નીનું નામ કોઈપણ જાતની મંજૂરી મેળવ્યા વિના શાળા સાથે જોડે છે.

(B) પોતાના પર પુરેપુરા આશ્રિત હોય એવા પુત્રનું નામ સરકારની મંજૂરી મેળવ્યા વિના ક્રિકેટ ટ્રોફી સાથે જોડે છે.

(C) કર્મચારીની સ્વર્ગસ્થ પુત્રીનું નામ એક હોસ્પિટલ સાથે જોડવામાં આવે છે.

(D) કર્મચારી પોતાના નામની સ્કોલરશીપ યોજના જાહેર કરે છે.

135. નીચે પૈકી કયા કિસ્સામાં ગેરવર્તણૂંક થતી નથી ?

(A) એક અપરિણીત પુરૂષ કર્મચારી એક વિધવા મહિલા સાથે લગ્ન કરવાનું વચન આપી વિવાહ (સગાઈ) કરે છે.

(B) એક પરિણિત મુસ્લિમ કર્મચારી તેને લાગુ પડતા અંગત કાયદા મુજબ બીજી સ્ત્રી સાથે લગ્ન કરે છે.

(C) એક અપરિણીત કર્મચારી બીજી એક સ્ત્રી જેનો પતિ ખોવાઈ ગયો છે, તેની સાથે લગ્ન કરે છે.

(D) એક પરિણીત સરકારી કર્મચારી પોતાની પત્ની હયાત હોવા છતાં અન્ય સ્ત્રી સાથે બીજું લગ્ન કરે છે.

136. આઈ. ટી. સેલમાં ફરજ બજાવતો કર્મચારી પોતાના હસ્તકના ડેટામાંથી સંસ્થાને માલ સામાન પુરો પાડતા વેપારીઓના ફોન નંબર અને ઈ-મેઈલ આ. ડી., અન્ય વેપારીને મિત્ર ભાવે પુરા પાડે છે. આ કિસ્સાને કેવી રીતે મૂલવશો ?

(A) વર્તણૂંક નિયમ 10 નો સીધેસીધો ભંગ થાય છે.

(B) નાણાંકીય લાભ મેળવેલ ન હોઈ કોઈ ગેરવર્તણૂંક થતી નથી.

(C) માત્ર ફરજમાં નિષ્ઠાનો અભાવ (નિયમ 1,2,3 નો ભંગ) તરીકે મૂલવી શકાય.

(D) વર્તણૂંક નિયમ 3 (1)(3) મુજબ સરકારી કર્મચારીને છાજે નહીં તેવું વર્તન ગણી શકાય.

137. જાહેરસેવાના સોંપાયેલ કામ માટે નિયત સમય મર્યાદામાં અપેક્ષિત ગુણવત્તા એક સરકારી કર્મચારી પોતાને સોંપાયેલ આવું કામ કરવામાં વારંવાર નિષ્ફળ નિવડે છે. તેને વર્તણૂંકનો કયા પ્રકારનો ભંગ ગણી શકાય ?

(A) પ્રામાણિકતાનો અભાવ નિયમ 3(1)(1)

(B) ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવ નિયમ 3(1)(2)

(C) ફરજમાં શિસ્તનો અભાવ

(D) નિયમ 3- ક મુજબનું વર્તન

138. Mr. P નામના કર્મચારીની હાજરીમાં Mr. Q Mrs. S નામની મહિલાને જાતીય સતામણીમાં ગણી શકાય તેવી ચેષ્ટાઓ કરી હેરાન કરે છે. આમાં વર્તણૂંક નિયમોનો ભંગ કોણે કોણે કરેલ છે ?

(A) Mrs. S

(B) Mr. P અને Mr. Q બંને

(C) માત્ર Mr. Q

(D) માત્ર Mr. P

139. નીચે પૈકી કયા પ્રસંગોમાં સરકારી કર્મચારી નોકરીમાંથી દૂર થવાને પાત્ર બનશે ?

(i) ઉડાઉ આદતોને પરિણામે છગનલાલ અદાલત દ્વારા નાદાર જાહેર થયા છે.

(ii) મગનલાલના માસિક મળતરના અડધા ભાગ પર અદાલતે ટાંચ મૂકી છે.

(iii) અલ્પનાબેને સરકારને જાણ કરી છે કે તેમના માસિક મળતરના દસગણી રકમની વસૂલાત માટે બેંક દ્વારા પગલા લેવાઈ રહ્યા છે.

(iv) કિશોરલાલ વિરૂદ્ધ કહેવાતા વિશ્વાસભંગ અને કપટના કારણે થયેલ નુકશાન બદલ દીવાની કાર્યવાહી શરૂ થઈ હોવાનો અહેવાલ તેઓએ ખાતાના વડાને આપેલ છે.

(A) માત્ર (i)

(B) (i) અને (ii)

(C) (i), (ii) અને (iii)

(D) (i), (ii), (iii) અને (iv)

140. રાજ્યપત્રિત કર્મચારીએ પોતાની સ્થાવર મિલ્કતનું પત્રક ક્યારે રજૂ કરવું જોઈએ ?

(A) દર બે વર્ષે જાન્યુઆરી માસમાં

(B) દર વર્ષે જાન્યુઆરી માસમાં

(C) દર વર્ષે નાણાંકિય વર્ષની શરૂઆતમાં અર્થાત એપ્રિલ માસમાં

(D) દર ત્રણ વર્ષે એપ્રિલ માસમાં

141. ઉતરતા દરજ્જાની સેવામાં હોય તેવા સરકારી કર્મચારીઓએ સામાન્ય રીતે સ્થાવર મિલકતની માહિતી ક્યારે પૂરી પાડવાની હોય છે ?

(A) દર વર્ષે જાન્યુઆરી માસમાં

(B) દર પાંચ વર્ષે જાન્યુઆરી માસમાં પોતાની વય પાંચના ગુણાંકમાં પહોંચે ત્યારે અર્થાત25, 30, 35, .......... વિગેરે

(C) દર ત્રણ વર્ષે જાન્યુઆરી માસમાં

(D) આ અંગે કોઈ સામાન્ય સૂચના નથી

142. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો 1971 ના નિયમ 19 ના સંદર્ભમાં વર્ગ-4 ના કર્મચારી માટે નિયત સત્તાધિકારી કોણ છે ?

(A) શાખાના વડા

(B) ખાતાના વડા

(C) કચેરીના વડા

(D) સરકારના નાયબ સચિવ

143. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમોમાં નિયમ 26-કના પરિપ્રેક્ષ્યમાં કયું વિધાન સંપૂર્ણપણે સાચું છે ?

(A) તા. 1/10/1977 અને તા. 1/4/2005 પહેલા નિમણૂંક પામેલ કર્મચારીને ત્રણ કરતાં વધુ બાળકો હોય તો ગેરવર્તણૂંક ગણાતી નથી.

(B) નાનું કુટુંબ રાખવા અંગેનો નિયમ તા. 1/1/2014 થી રદ કરવામાં આવેલ છે.

(C) પોતાના બાળકોની સંખ્યા બે કરતા વધુ હોવી જોઈએ નહીં.

(D) પોતાના બાળકોની સંખ્યા ત્રણ કરતા વધુ હોવી જોઈએ નહીં.

144. નીચેની વિગતો વાંચી કયા કિસ્સામાં નિયત પૂર્વ મંજૂરી લેવાની હોય અને કયા કિસ્સામાં સત્તાધિકારીને જાણ કરવાની હોય તે દર્શાવો.

P : વર્ગ-1 ના અધિકારીશ્રી જોષી Rs. 45,000 નું લેપટોપ ખરેદે છે.

Q : વર્ગ-2 ના વાણિજ્યવેરા અધિકારીશ્રી પટેલ જે પેઢીની તેઓ વાર્ષિક આકારણી કરે છે તેની પાસેથી Rs. 30,000 ની કિંમતનું ટેલિવીઝન ખરીદે છે.

R : વર્ગ-3 ના શ્રીમતી વંદનાબેન Rs. 10,000 ની સોનાની બંગડીઓ ખરીદે છે.

S : વર્ગ-4 ના શ્રી છોટુભાઈ પત્ની માટે Rs. 30,000 નું એક્ટીવા ખરીદે છે.

(A) P અને S માં જાણ, Q માં પૂર્વમંજૂરી, Rમાં કાંઈ નહીં

(B) R અને S માં જાણ, P અને Q માં પૂર્વમંજૂરી

(C) Q અને S માં જાણ, બીજામાં કાંઈ નહીં

(D) Q અને R માં જાણ તથા P અને S માં પૂર્વમંજૂરી

145. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો 1971 અનુસાર શિસ્ત અધિકારી એટલે .......... .

(A) માત્ર નિમણૂંકની સત્તા ધરાવતા અધિકારી

(B) જેમને નિયમ 6માં જણાવેલ શિક્ષા કરવાની સત્તા પહોંચતી હોય તે

(C) ખાતાના વડા

(D) કચેરીના વડા

146. નીચે પૈકીની કઈ બાબત / બાબતો શિક્ષા છે ?

(i) ખાતાકિય પરીક્ષામાં નાપાસ થતા બઢતી અટકાવવી

(ii) લઘુત્તમ અનુભવ પૂર્ણ ન થતા બઢતી અટકાવવી

(iii) બેદરકારી સબબ ખાતાકિય તપાસને અંતે બઢતી અટકાવવી

(iv) ફરજ મોકૂફી હેઠળ ઉતારવા

(v) ખાતાકીય તપાસ પડતર હોવાથી બઢતી અટકાવવી

(A) (i), (ii) અને (v)

(B) (ii), (iii) અને (iv)

(C) માત્ર (v)

(D) માત્ર (iii)

147. ફરજ મોકૂફી હેઠળ ઉતારેલ કર્મચારીને કેટલા દિવસની અંદર તહોમતનામું ન અપાયુ હોય તો ફરજ મોકૂફી અમાન્ય ગણાય છે ?

(A) 45 દિવસ

(B) 90 દિવસ

(C) 30 દિવસ

(D) 60 દિવસ

148. કયું વિધાન પૂર્ણતઃ સાચું છે ?

(A) ખાતાકિય તપાસનો પ્રથમ તબક્કો પ્રાથમિક તપાસ છે.

(B) ખાતાકિય તપાસનો પ્રથમ તબક્કો તહોમતનામાની બજવણી છે.

(C) ખાતાકિય તપાસનો પ્રથમ તબક્કો ફરજ મોકૂફી છે.

(D) ખાતાકીય તપાસનો પ્રથમ તબક્કો તપાસ અધિકારીની નિમણૂંક છે.

149. જાતીય સતામણીની ફરિયાદના સંદર્ભમાં તપાસ અધિકારી કોણ ગણાશે ?

(A) આક્ષેપિતના તરત ઉપરના દરજ્જાના રાજયપત્રિત અધિકારી

(B) વિભાગ અથવા કચેરીમાં રચવામાં આવેલી જાતી સતામણી ફરિયાદ સમિતિ

(C) કચેરીના વડા (વર્ગ-1ના હોય તો)

(D) કચેરીના વડા વર્ગ-1ના ના હોય તો ખાતાના વડા

150. ખાતાકિય તપાસની કાર્યવાહી દરમ્યાન નીચે પૈકી કોની સહાય સરકારી કર્મચારી પોતાના બચાવ માટે સામાન્ય રીતે લઈ શકે છે ?

(i) કુટુંબનો સભ્ય

(ii) ચાલુ સરકારી નોકરીમાં હોય તેવો મિત્ર મદદનીશ

(iii) નિવૃત્ત સરકારી કર્મચારી

(iv) વકીલ

(v) ખાનગી નોકરીમાં હોય તેવો મિત્ર મદદનીશ

(A) માત્ર (ii)

(B) (i), (ii) અને (iii) પૈકી કોઈપણ

(C) (ii) અને (iii) પૈકી કોઈપણ

(D) (i) થી (v) પૈકી કોઈપણ

151. તપાસ અધિકારી તેમની વિવેકબુદ્ધિ અનુસાર સરકારી કર્મચારીને આરોપનામા આપવામાં આવેલ યાદીમાં ન સમાવેલ હોય તેવો વધારાનો પુરાવો રજૂ કરવાની છૂટ આપે તો નીચે પૈકી કઈ કાર્યવાહી ધોરણસરની ગણાય ?

(A) નવો પુરાવો રજૂ કરવાની છૂટ ગેરકાયદેસર ગણાય

(B) આક્ષેપિત કર્મચારી ત્રણ ચોખ્ખા દિવસ માટે તપાસની કાર્યવાહી અટકાવવા હક્કદાર ગણાશે.

(C) આવો દસ્તાવેજ રાકર્ડ પર લેતા અગાઉ આક્ષેપિત કર્મચારીને તે તપાસવાની તક આપી.

(D) શિસ્ત અધિકારીની પરવાનગી વગર તપાસ અધિકારી આવી છૂટ આપી ન શકે.

152. સરકારી કર્મચારીએ પોતાને ફરમવાયેલ શિક્ષાના હુકમ વિરૂદ્ધની અપીલ હુકમની તારીખથી કેટલા દિવસોમાં કરવી જોઈએ ?

(A) 40
(B) 45
(C) 30
(D) 90

153. ગુજરાત રાજ્ય સેવા શિસ્ત અને અપીલ નિયમો ઘડવાની સત્તા સરકારશ્રીના બંધારણના કયા અનુચ્છેદથી પ્રાપ્ત થયેલ છે ?

(A) 310
(B) 312
(C) 311
(D) 309

154. સરકારી કર્મચારીની સંમતિથી તેને નાની શિક્ષા કરવાની સત્તા ઉચ્ચ કક્ષાની સમિતિને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો 1971 ના કયા નિયમથી અપાયેલ છે, આ નિયમ કયા વર્ષમાં ઉમેરવામાં આવ્યો ?

(A) 11-ક, 2000
(B) 9(20) (ક), 1977
(C) 3-ખ, 1999
(D) 7(5), 1977

155. ખાતાકિય તપાસમાં આક્ષેપિત કર્મચારીને આરોપનામુ, પુરાવાપત્રક, દસ્તાવેજોની યાદી વિગેરે કોણે આપવાનું હોય છે ?

(A) શિસ્ત અધિકારીઓ
(B) રજૂઆત અધિકારીઓ
(C) ખાતાના વડાએ
(D) કચેરીના વડાએ

156. આક્ષેપિત કર્મચારીને આરોપનામું મળે પછી કેટલા દિવસમાં તપાસ અધિકારી સમક્ષ તપાસ માટે હાજર થવાનું હોય છે ?

(A) 7 દિવસ
(B) 10 દિવસ
(C) 15 દિવસ
(D) 21 દિવસ

157. ખાતાકિય તપાસ દરમ્યાન સરકારી કર્મચારી નિર્દિષ્ટ સમયની અંદર હાજર ન થાય અથવા ગુનો કબૂલ ન કરે અથવા કબૂલ કરવાનું ટાળે તો તપાસ અધિકારીએ કઈ કાર્યવાહી કરવાની હોય છે ?

(A) હાજર રહેવા પુરતી નોટીસો બજવાઈ ગઈ છે. તેની ખાત્રી એકપક્ષીય રીતે કેસની કાર્યવાહી કરવી જોઈએ.

(B) શિસ્ત અધિકારીને રીપોર્ટ કરવો જોઈએ.

(C) ઉપલબ્ધ દસ્તાવેજી પુરાવાઓના આધારે આક્ષેપો અંગે નિર્ણય લેવો જોઈએ.

(D) રજૂઆત અધિકારીને પુરાવા રજૂ કરવા જણાવી 30 દિવસ સુધી કેસ મોકૂફ રાખવો જોઈએ.

158. નીચે પૈકી કયા હુકમો સામે અપીલ કરી શકાશે નહીં ?

(A) નિયમ-9 હેઠળની તપાસ દરમ્યાન તપાસ અધિકારીએ કરેલ કોઈપણ હુકમ સામે.

(B) નિયમ-5 હેઠળ કરાયેલ ફરજનોકૂફીનો હુકમ

(C) નિયમ-6 હેઠળ કરાયેલ શિક્ષા વધારવા અંગેનો હુકમ

(D) શિક્ષા તરીકે નહીં પણ અન્યથા ઉચ્ચ સેવા ગ્રેડ અથવા જગા પર કાર્યકારી કામગીરી બજાવતો હોય ત્યારે નીચલી સેવા ગ્રેડ અથવા જગા પર પાછા હઠાવતો હુકમ.

159. <u>વિધાન : 1</u>– કોઈ કર્મચારીને ફરજમોકૂફી હેઠળ ઉતારતા હુકમની સમીક્ષા, હુકમ કરનાર અધિકારી પોતે કરી ન શકે.

<u>વિધાન : 2</u>– ફોજદારી તહોમત હેઠળ 48 કલાકથી વધુ સમય માટે કસ્ટડીમાં અટકાયત હેઠળ રહેલ કર્મચારીને નિમણૂંક અધિકારી ફરજ મોકૂફી હેઠળ ગણતો હુકમ કરી શકે.

(A) ઉપરોક્ત બંને વિધાન ખરા છે.

(B) બંને વિધાન ખોટા છે.

(C) વિધાન-1 ખરૂં છે, વિધાન-2 ખોટું છે.

(D) વિધાન-1 ખોટું છે, વિધાન-2 ખરૂં છે.

160. સ્વનિર્ભર ખાનગી પ્રાથમિક શાળાએ પોતાની ધોરણ : 1 ની ક્ષમતાની ઓછામાં ઓછી કેટલી બેઠકો નબળા અને પછાત વર્ગના બાળકો દ્વારા ભરવાની જોગવાઈ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણન અધિકાર અધિનિયમમાં થયેલ છે ?

(A) સ્વનિર્ભર શાળાઓ માટે ફરજીયાત ધોરણો નથી

(B) 25 %

(C) 10 %

(D) 20 %

161. આઠ વર્ષની વય ધરાવતું કોઈ બાળક કોઈ દિવસ શાળાએ ગયું ન હોય તો તેને બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર - અધિનિયમની જોગવાઈ અનુસાર કઈ રીતે પ્રવેશ આપી શકાય ?

(A) ધોરણ : 1 માં દાખલ કરવાનો રહે.

(B) તેની વય અનુસાર ધોરણ : 3 માં દાખલ કરી ખાસ તાલીમ આપવાની રહે.

(C) તેનું અક્ષરજ્ઞાન ચકાસી ગુણદોષના ધોરણે 1 થી 3 પૈકી કોઈપણ ધોરણમાં દાખલ કરી શકાય.

(D) પ્રવેશ આપી ન શકાય.

162. બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 મુજબ આર્થિક રીતે નબળા વર્ગના બાળકો ગણવા સારૂં વાલીની વાર્ષિક આવક મર્યાદા, અનુક્રમે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કેટલી નક્કી થયેલ છે ?

(A) Rs. 68,000, Rs. 47,000

(B) Rs. 1,20,000, Rs. 60,000

(C) Rs. 72,000, Rs. 60,000

(D) Rs. 86,000, Rs. 47,000

163. બંધારણના કયા ભાગમાં સુધારો થયા બાદ બાળકોનો મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણના અધિકારનો કાયદો અસ્તિત્વમાં આવ્યો ?

(A) આમુખ

(B) મૂળભૂત અધિકાર

(C) મૂળભૂત ફરજો

(D) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

164. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર-અધિનિયમ / નિયમો અનસાર કયા વિધાનો ખરા છે ?

(i) સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓને RTE અધિનિયમ 2009 લાગુ પડતો નથી.

(ii) વૈદિક પાઠશાળાઓ RTE અધિનિયમ આવરી લેવાયેલ નથી.

(iii) લઘુમતિ સંસ્થાઓમાં RTE કાયદા હેઠળ રચાયેલ શાળા વ્યવસ્થાપન સમિતિએ માત્ર સલાહકારની ભૂમિકા ભજવવાની હોય છે.

(iv) RTE કાયદા અનુસાર જન્મ તારીખના પુરાવો ન હોવાના કારણસર કોઈપણ બાળકને શાળામાં પ્રવેશ આપી શકાય નહીં.

(A) (i), (ii) અને (iii)

(B) (ii), (iii) અને (iv)

(C) માત્ર (i) અને (iv)

(D) માત્ર (ii) અને (iii)

165. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર - અધિનિયમ અનુસાર વર્ગખંડના શિક્ષણ ઉપરાંત નીચે પૈકીની કઈ કામગીરી શિક્ષકને સોંપી ન શકાય ?

(i) આરોગ્ય વિષયક મોજણી

(ii) દશ વર્ષીય વસતી ગણતરી

(iii) આપત્તિ રાહત કામગીરી

(iv) વિધાનસભાની ચૂંટણી કામગીરી

(v) નગરપાલિકા ચૂંટણી કામગીરી

(A) માત્ર (i)

(B) માત્ર (i) અને (v)

(C) (i), (ii) અને (v)

(D) માત્ર (v)

166. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર - અધિનિયમ કાયદા / નિયમો અન્વયે કયા પ્રકારની શાળાઓને શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવી ફરજીયાત નથી ?

(i) સરકારી શાળાઓ

(ii) અનુદાન લેતી ખાનગી શાળાઓ

(iii) અનુદાન ન લેતી ખાનગી શાળાઓ

(iv) લઘુમતિ શાળાઓ

(A) માત્ર (iii)

(B) માત્ર (iv)

(C) (iii) અને (iv)

(D) (i) અને (iii)

167. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર - નિયમો અનુસાર સત્ર શરૂ થયાના 6 માસ પછી પ્રવેશ આપી શકાય ?

(A) ન આપી શકાય.

(B) નિયમિતિ અભ્યાસ કરવાની બાંહેધરી લઈ ને પ્રવેશ આપી શકાય.

(C) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની મંજૂરી લીધા બાદ પ્રવેશ આપી શકાય.

(D) પ્રવેશ આપી શકાય, ત્યારબાદ ખાસ તાલીમ આપવાની રહે.

168. ખાનગી પ્રાથમિક શાળા પછાત અને નબળા વર્ગના બાળકોને પ્રવેશ આપે ત્યારે રાજ્ય સરકાર આવી શાળાને બાળકોની ફી પેટે વધુમાં વધુ કેટલી રકમની સહાય ચૂકવી શકે છે ?

(A) વાર્ષિક Rs. 10,000
(B) વાર્ષિક Rs. 13,000
(C) વાર્ષિક Rs. 12,000
(D) વાર્ષિક Rs. 15,000

169. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર - અધિનિયમ 2009 ની જોગવાઈ અનુસાર 1 થી 5 ધોરણમાં 65 કુમારો અને 60 કન્યાઓ ધરાવતી શાળામાં કેટલા શિક્ષકો હોવા જોઈએ ?

(A) 3
(B) 5
(C) 7
(D) 4

170. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર - અધિનિયમ ક અનુસાર ધોરણ : 6 થી 8 માં કેટલા વિદ્યાર્થી દીઠ એક શિક્ષક હોવો જોઈએ તેવી જોગવાઈ થયેલ છે ?

(A) 40
(B) 60
(C) 35
(D) 50

171. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણને અધિકાર - અધિનિયમ અનુસાર ધોરણ : 1 થી 5 ના બાળકો માટે વર્ષમાં કેટલા દિવસ / કેટલા કલાકો શૈક્ષણિક કાર્ય થવું જોઈએ ?

(A) 200 દિવસ / 1000 કલાક
(B) 200 દિવસ / 800 કલાક
(C) 220 દિવસ / 900 કલાક
(D) 220 દિવસ / 800 કલાક

172. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણને અધિકાર - નિયમો 2012 મુજબ પ્રાથમિક શાળાઓ માટે અભ્યાસક્રમ નક્કી કરવાનું કાર્ય નીચે પૈકી કોનું છે ?

(A) NCERT
(B) Children's University
(C) GCERT
(D) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ

173. શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) માં કેટલા સભ્યો રાખવાની જોગવાઈ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર - અધિનિયમ નિયમોમાં થયેલ છે, તેમાં મહિલા સભ્યો કેટલા હોય છે ?

(A) 12, 6
(B) 12, 4
(C) 15, 5
(D) 21, 7

174. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર- અધિનિયમ 2009 હેઠળ દરેક શાળાએ કેટલા શિક્ષકો રાખવા કેટલો સમય શિક્ષણ આપવું વિગેરે બાબતો પરિશિષ્ટમા જણાવાયેલ છે. અધિનિયમની શરૂઆત થયાના ત્રણ વર્ષમાં કોઈ શાળા આ શરતો પરિપૂર્ણ ન કરે તો કઈ પરિસ્થિતિ ઉદભવે ?

(A) વિનંતી કર્યેથી 6 માસની મુદત મળી શકે.

(B) વિનંતી કર્યેથી વધુમાં વધુ 12 માસની મુદત બે તબક્કે મળી શકે.

(C) શાળાની માન્યતા રદ થાય.

(D) શાળાને એક લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે.

175. કોઈ પ્રાથમિક શાળાએ પ્રવેશ માટે Rs. 25,000 ડોનેશન રૂપે સ્વીકારેલ હોવાનું સાબિત થાય તો બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર - અધિનિયમ હેઠળ તે શાળાને મહત્તમ કેટલી સજા / શિક્ષા થઈ શકે ?

(A) Rs. 25,000 બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર - અધિનિયમ દંડ

(B) Rs. 2,50,000 દંડ

(C) Rs. 2,000 દંડ અને / અથવા 6 માસની સજા

(D) Rs. 5,000 દંડ અને / અથવા 1 વર્ષની સજા

176. પ્રાથમિક શિક્ષકોની નિમણૂંક શિક્ષક અભિયોગ્યતા કસોટી પાસ કરેલ ઉમેદવારોમાંથી જ કરવામાં આવે છે. આવી કસોટી લેવાનું નીચે પૈકી કયા કાયદા / નિયમ / વિનિયમમાં દર્શાવેલ છે ?

(A) RTE Rules 2012 (ગુજરાત સરકાર)
(B) RTE અધિનિયમ 2009, કલમ
(C) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1949
(D) RTE Rules 2010, ભારત સરકાર

177. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર હેઠળ રચાયેલ કાયદા / નિયમો અનુસાર શાળા વ્યવસ્થાપન સમિતિમાં સ્થાનિક શિક્ષણ શાસ્ત્રીઓની પસંદગી કોણ કરે છે ?

(A) આ સમિતિમાં લેવાયેલ શિક્ષકો
(B) શાળાના આચાર્ય
(C) સમિતિમાં લેવાયેલ વાલીઓ
(D) જે-તે જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારી

178. બાળકોનો મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણનો અધિકાર કાયદા / નિયમો હેઠળ ધોરણ : 5 થી 8 માં ભણાવતો શિક્ષક મુખ્ય શિક્ષકની પરવાનગી લઈ વધુ માં વધુ કેટલા કલાક ખાનગી ટ્યુશન આપી શકશે ?

(A) 1 કલાક
(B) 2 કલાક
(C) સપ્તાહમાં 6 કલાક
(D) ખાનગી ટ્યુશન આપી ન શકે.

179. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણને અધિકાર કાયદામાં કઈ બાબતોની સ્પષ્ટ મનાઈ ફરમાવાઈ છે ?

(i) બાળકોના પ્રવેશ માટે ઈન્ટરવ્યુ/કસોટી લેવા બાબત

(ii) બાળકોના દફતર ઠરાવેલ વજનથી વધુ હોવા બાબત

(iii) શિક્ષકે ખાનગી ટ્યુશન કરવા પર

(iv) બાળકોને માનસિક કનડગત કરવા પર

(A) (i), (iii) અને (iv)
(B) માત્ર (ii)
(C) (i), (ii) અને (iii)
(D) (i), (ii), (iii) અને (iv) તમામ

180. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણના કાયદા અનુસાર કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પુરૂં થતા સુધીમાં કોઈપણ ધોરણમાં રોકી શકાશે નહીં તેવી જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ માંથી કોને મુક્તિ મળેલ છે ?

(i) કેન્દ્રીય બોર્ડની શાળાઓ

(ii) ICSI બોર્ડની શાળાઓ

(iii) લઘુમતિ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શાળાઓ

(iv) નવોદય વિદ્યાલયો

(A) (i) અને (ii)

(B) માત્ર (iii)

(C) (i), (ii), (iii) અને (iv) તમામ

(D) કોઈપણ શાળાને મુક્તિ નથી

181. બાળકોનો મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ અંગે 2009 માં ઘડાયેલ કાયદો શિક્ષણની કઈ સંકલ્પના તરફ દોરી જોય છે ?

(A) વ્યાવસાયીકરણ

(B) સાર્વત્રિકરણ

(C) ખાનગીકરણ

(D) આધુનિકરણ

182. ગુજરાત સરકારને બાળકોના મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ અંગે નિયમો ઘડવાની સત્તા ક્યાંથી પ્રાપ્ત થાય છે ?

(A) બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર, નિયમો 2019 નો નિયમ 38

(B) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947ની કલમ 28

(C) બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 ની કલમ 38

(D) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનું તા : 11/2/2011 નું જાહેનામું

183. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ નીચેનામાંથી કયા પાઠ્યપુસ્તકો પ્રસિદ્ધ કરતું નથી ?

(A) પ્રાથમિક કક્ષાના

(B) માધ્યમિક કક્ષાના

(C) પી. ટી. સી. ના

(D) બી. એડ. ના

184. "શાળા વિકાસ સંકુલ"ની સંકલ્પના 1986ની શિક્ષણનીતિ પછી આકાર લેવા પામી છે. તે અગાઉ "શાળા સંકુલો" દ્વારા શિક્ષણમાં ગુણવત્તા સુધારણાના કાર્યક્રમો યોજાતા બંને વચ્ચે મુખ્ય તફાવત શો છે ?

(A) શાળા સંકુલ માત્ર પ્રાથમિક શાળાઓના જૂથ માટે હતું જ્યારે SVSમાધ્યમિક માટે છે.

(B) શાળા સંકુલને પોતાની પ્રવૃત્તિઓ ચલાવવા સરકારી અનુદાન મળતું જ્યારે SVSમાં આવું નથી.

(C) શાળા સંકુલની કામગીરી સિનીયર આચાર્યની દેખરેખ હેઠળ હતી જ્યારે SVSની કામગીરી શિક્ષણ નિરીક્ષકની દેખરેખ હેઠળ થાય છે.

(D) શાળા સંકુલમાં પ્રાથમિક અને માધ્યમિક બંને પ્રકારની શાળાઓ જોડાતી જ્યારે SVS ફકત માધ્યમિક શાળાઓનું જ જૂથ છે.

185. ગુજરાત રાજ્યમાં માધ્યમિક શિક્ષણનો અભ્યાસક્રમ કોણ નક્કી કરે છે ?

(A) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

(B) G.C.E.R.T.

(C) G.I.E.T.

(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

186. કઈ કક્ષાના શિક્ષકોને શિક્ષણમાં આવતા નવા પરિવર્તનો, નવા આયા માંથી વાકેફ કરાવવાનું તથા શાળાઓની સમસ્યાઓનો નિકાલ કરી શિક્ષણમાં ગુણવત્તા સુધારવાનું કામ CTE દ્વારા કરવામાં આવે છે ?

(i) પ્રાથમિક

(ii) માધ્યમિક

(iii) યુનિવર્સિટી

(iv) ઉચ્ચતર માધ્યમિક

(v) પી. ટી. સી. કોલેજો

(A) (ii) અને (iv)
(B) (i) અને (ii)
(C) (ii) અને (iii)
(D) માત્ર (v)

187. શિક્ષણ સાથે સંકળાયેલ કઈ સંસ્થા ઉમેદવારની અનુકૂળતા મુજબ પરીક્ષાઓનું આયોજન કરે છે ?

(ON DEMAND EXAMINATION)

(A) GIOS
(B) NIOS
(C) IGNOU
(D) GSHSEB

188. વ્યાવસાયિક શિક્ષણમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) ટેકનિકલ, યંત્ર
(B) કૃષિ, ગૃહઉદ્યોગ
(C) વાણિજ્ય
(D) બી. એડ.

189. IASE, ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ સ્ટડીઝ ઈન એજ્યુકેશન કોના પ્રશિક્ષણ / તાલીમ માટેનું કાર્ય કરે છે ?

(i) માધ્યમિક શાળાના શિક્ષકો

(ii) ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો

(iii) માધ્યમિક પ્રશિક્ષણ સંસ્થાઓના અધ્યાપકો, આચાર્યો

(iv) પ્રાથમિક અધ્યાપન મંદિરોના આચાર્યો

(v) પ્રાથમિક શિક્ષકો

(A) (i) અને (ii)
(B) (iii) અને (iv)
(C) (i), (ii), (iii) અને (iv)
(D) (i) થી (v) બધા જ

190. નીચેના વહીવટી માળખું દર્શાવતા ચાર્ટમાં પ્રશ્નાર્થ ચિહ્નની જગાએ શું આવે ?




(A) CET
(B) State Education Board
(C) CASE
(D) GCERT

191. GCERT રાજ્યના પ્રાથમિક શિક્ષણની વ્યવસાયિક સજ્જતા વધારવાના મહત્વના કાર્ય ઉપરાંત બીજા કયા કાર્ય કરી શકે છે ?

(i) શૈક્ષણિક ઉપકરણોનું સર્જન
(ii) પ્રાથમિક શાળાનો અભ્યાસક્રમ, પરીક્ષા સુધારણા અને મૂલ્યાંકન માટે સંશોધનો
(iii) પ્રાથમિક કક્ષાના પાઠ્યપુસ્તકો છપાવી તેનું વિતરણ
(iv) માધ્યમિક શિક્ષકોને તાલીમ
(v) પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે અભિયોગ્યતા પરીક્ષાનું આયોજન

(A) (i), (ii) અને (iv)
(B) (ii) અને (iii)
(C) (ii), (iii) અને (v)
(D) (i), (ii) અને (iii)

192. GCERT સંસ્થા 1988 પછીથી અસ્તિત્વમાં આવી. અગાઉ આ સંસ્થા કયા નામથી કાર્ય કરતી હતી ?

(A) College of Teacher Education (CTE)
(B) State Examination Board (SEB)
(C) DIET
(D) State Institute of Education

193. શિક્ષણ વ્યવસ્થાપનમાં "દરેક વ્યક્તિને જન્મજાત રીતે કામ કરવા તરફ અણગમો હોય છે તેથી કર્મચારીઓ પર યોગ્ય નિયંત્રણની જરૂર છે" એવો સિદ્ધાંત કોણે વ્યકત કરેલ છે ?

(A) મેક ગ્રેગર
(B) ડગ્લાસ
(C) વિલીયમ ગૂચી
(D) બ્લૂમ

194. શૈક્ષણિક વ્યવસ્થાપનની વિવિધ શૈલીઓ પૈકી આપણા દેશમા મહદ અંશે કઈ શૈલી પ્રવર્તમાન છે તેવું કહી શકાય ?

(A) અભિપ્રેરણા પ્રેરણા શૈલી
(B) અમલદાર શાહી શૈલી
(C) લોકશાહી પદ્ધતિ
(D) વૈજ્ઞાનિક પદ્ધતિ

195. વ્યવસ્થાપનમાં નિર્ણય પ્રક્રિયાનું આગવુ મહત્વ છે. નિર્ણય લેવાની પ્રક્રિયાનું પ્રથમ સોપન કયું છે ?

(A) ધ્યેયોનું સ્પષ્ટીકરણ
(B) તથ્યોનું એકત્રિકરણ
(C) માહિતી વિશ્લેષણ
(D) વિકલ્પ નિર્ધારણ

196. શૈક્ષણિક વ્યવસ્થાપનની પ્રક્રિયામાં કઈ ક્રિયા સૌથી અગત્યની છે ?

(A) નિર્ણય લેવાની
(B) માહિતી મેળવવાની
(C) પ્રત્યાયનની
(D) માહિતી પ્રસારણની

197. શિક્ષકોને મુક્ત તાસ મળવાથી તે તાજગી અનુભવે છે અને નવ પલ્લવિત થાય છે. આદર્શ પરિસ્થિતિમાં શિક્ષકને કેટલા મુક્ત તાસ મળવા જોઈએ ?

(A) દરરોજ ઓછામાં ઓછો એક
(B) દરરોજ ઓછામાં ઓછા બે
(C) પ્રતિ સપ્તાહ ઓછામાં ઓછા ચાર
(D) પ્રતિ સપ્તાહ ઓછામાં ઓછા દસ

198. શાળાનું સોથી મહત્વનું અને કાયમી સાચવી રાખવાનું શાળા પત્રક કયું છે ?

(A) વર્ગ રજીસ્ટર
(B) જનરલ રજીસ્ટર
(C) સંગ્રહિત માહિતી પત્રક
(D) શિક્ષકની લોગબુક

199. નવી શિક્ષણ નીતિના પ્રસિધ્ધ થયેલ મુસદ્દામાં "લર્નીંગ ડિફિકલ્ટી" ધરાવનાર અથવા મંદગ્રહણશક્તિ ધરાવતા બાળકો માટે શું સૂચન થયું છે ?

(A) રાજ્યો પોતાના કાયદાઓ સુધારે અને આવા બાળકોના હિતમાં જિલ્લા તથા રાજ્યકક્ષાએ તંત્ર ઉભું કરે છે.
(B) આવા બાળકોને પ્રાથમિક કક્ષાએથી ઓળખી તેમની ખાસ જરૂરિયાત અનુસાર શિક્ષણ આપવામાં આવે.
(C) આવા બાળકોને મનોવૈજ્ઞાનિક સહારો આપવા રાજ્ય સરકારો વ્યવસ્થા ગોઠવે.
(D) રાજ્ય સરકાર આવા બાળકો માટે "ખાસ શાળાઓ" શરૂ કરે.

200. ગુજરાત રાજ્યના ઉચ્ચતર પ્રાથમિક વર્ગોમાં નીચે પૈકીની કઈ પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે ?

(A) તાસ પદ્ધતિથી
(B) એક જ શિક્ષક બધા વિષયો ભણાવે છે.
(C) પ્રવાસી શિક્ષકો દ્વારા ભણાવાય છે.
(D) મુખ્ય શિક્ષક ના સ્વવિવેક અનુસારની પધ્ધતિથી

201. કોઠારી પંચની ભલામણોમાં શૈક્ષણિક, સામાજક અને આધ્યાત્મિક માન્યતાઓના શિક્ષણની વ્યવસ્થા કરવાનું સૂચવેલ છે. આ કાર્યને પ્રાથમિક સ્તરે કયા માધ્યમથી આપવાનું પંચે જણાવેલ છે ?

(A) વાર્તાના માધ્યમથી
(B) નાટકના માધ્યમથી
(C) બાળગીતના માધ્યમથી
(D) ચિત્રના માધ્યમથી

202. કોઠારી પંચની રચનાનો મુખ્ય ઉદ્દેશ શું હતો ?

(A) પ્રાથમિક અને યુનિવર્સિટી શિક્ષણને જોડતા "માધ્યમિક શિક્ષણ" અંગે વિસ્તૃત અભ્યાસ કરવો.

(B) દેશની આર્થિક અને સામાજીક પ્રવૃત્તિમાં શિક્ષણનું મહત્વ સ્વીકારી શિક્ષણના સંપૂર્ણ માળખાની વિગતે અભ્યાસ કરવો.

(C) દેશની ઝડપથી વધતી ઔદ્યોગિક જરૂરિયાતોને અનુલક્ષી ટેકનિકલ શિક્ષણનો વ્યાપ વધારવા સૂચનો કરવા.

(D) શિક્ષકોને સમાજમાં યોગ્ય સ્થાન મળી રહે તે સારૂં તેમની નોકરીની શરતો અને મળતરો અંગે સરકારને ભલામણ કરવી.

203. મુદલિયાર શિક્ષણ પંચે સૂચવેલ શૈક્ષણિક માળખાના અમલીકરણની સૌથી વિકટ સમસ્યા કઈ હતી ?

(A) જુદા-જુદા રાજ્યોમાં પ્રાથમિક, માધ્યમિક અને યુનિવર્સિટી કક્ષાનો સમયગાળો અલગ હતો.

(B) છોકરાઓ અને છોકરીઓના અભ્યાસક્રમમાં કોઈ ભેદ ન હોવો.

(C) માધ્યમિક સ્તરે ત્રણ ભાષાઓનું અધ્યયન

(D) ટેકનિકલ શિક્ષણની ભલામણોનો અમલ કરવા માળખાકિય સુવિધાઓ અપુરતી હતી.

204. ડેલોર્સ કમિશનમાં ભારતનું પ્રતિનિધિત્વ કોણે કરેલ હતું ?

(A) ડૉ. મનમોહન સિંહ | (B) ડૉ. રવિન્દ્ર દવે

(C) ડૉ. અર્જુનસિંહ | (D) ડૉ. કરણસિંહ

205. મુદલિયાર કમિશનની રચના શિક્ષણના કયા વિભાગના પુનઃસંગઠન અને સુધારણા અંગે થઈ હતી ?

(A) પ્રાથમિક | (B) માધ્યમિક

(C) ઉચ્ચતર માધ્યમિક | (D) ઉચ્ચતર શિક્ષણ

206. કયા પંચે તમામ અખિલ ભારતીય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં અંગ્રેજીને શિક્ષણનું માધ્યમ બનાવવા પર ભાર મૂક્યો છે ?

(A) હંટર પંચ | (B) રાષ્ટ્રીય જ્ઞાન આયોગ

(C) મુદલિયાર પંચ | (D) કોઠારી પંચ

207. ગુજરાત રાજ્યમાં વિદ્યાર્થીઓને પરીક્ષાને લગતો તણાવ દૂર કરવા રચાયેલ સુધિર માંકડ સમિતિએ કઈ ભલામણો કરી હતી ?

(i) ધોરણ : 10ની પરીક્ષામાં બોર્ડ દ્વારા માત્ર પાંચ વિષયોની પરીક્ષા લેવામાં આવે, જ્યારે બાકીના બે વિષયનીપરીક્ષા  શાળા દ્વારા લેવામાં આવે.

(ii) પરીક્ષાના સમયપત્રકમાં બે વિષયો વચ્ચે એક દિવસની રજા આપવામાં આવે.

(iii) દિવ્યાંગ ઉમેદવારોને વિશેષ રાહત આપવામાં આવે.

(iv) ધોરણ : 12 વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પદ્ધતિ શરૂ કરવામાં આવે.

(A) (ii) અને (iv) | (B) (ii), (iii) અને (iv)

(C) (i), (ii) અને (iv) | (D) (i), (iii) અને (iv)

208. નીચે જણાવેલ બાબતો કઈ સમિતિને લાગુ પડે છે ?

* તે 1977 માં રચાઈ હતી.

* 10 વર્ષીય શાળેય અભ્યાસક્રમની સમીક્ષા કરવાનો તેનો મૂળ ઉદ્દેશ હતો.

* પરંતુ નવી યોજના તૈયાર કરવાના સિદ્ધાંતો સૂચવવાનું કાર્ય પણ સમિતિએ કર્યું હતું.

* જે તે વખતે NCERT ની વડાનો હોદ્દો ધારણ કરતાં કેન્દ્રીય મંત્રી ડૉ. પી. સી. ચંદરે તેની રચના કરી હતી.

(A) ડૉ. હંસા મહેતા સમિતિ
(B) પ્રો. ડી. એસ. કોઠારી સમિતિ
(C) મર્મર મુખોપાધ્યાય સમિતિ
(D) ડૉ. ઈશ્વરભાઈ પટેલ સમિતિ

209. રામમૂર્તિ સમિતિએ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના ભાગરૂપે શિક્ષકોની તાલીમ બાબતે કયું વૈકલ્પિક માડેલ આપેલ છે ?

(A) ઈન્ટર્નશીપ મોડેલ
(B) ઈન્ટીગ્રેટેડ મોડેલ
(C) દૂરવર્તી તાલીમ મોડેલ
(D) પ્રિ-સર્વિસ ટ્રેનિંગ મોડેલ

210. શિક્ષક અભિરૂચિ કસોટીમાં એક ઉમેદવારે 250 માંથી 150 ગુણ પ્રાપ્ત કરી માધ્યમિક વિભાગના શિક્ષક તરીકે નિમણૂંક માટે અરજી કરેલ છે. તેના શૈક્ષણિક લાયકાત અને અનુભવના ગુણ 30 માંથી 12 આવેલ છે તો મેરીટ યાદી માટે કેટલા ગુણ પ્રાપ્ત કરેલ ગણાશે ?

(A) 54
(B) 87
(C) 72
(D) 42

211. ખેરવા, ભિલોડા, બાલાછડી અને વારાહી વચ્ચે શું સામ્યતા છે ?

(A) તમામ સ્થળોએ એકલવ્ય મોડેલ રેસિડન્સી શાળાઓ આવેલી છે.

(B) તમામ સ્થળોએ સંસ્કૃત પાઠશાળાઓ આવેલી છે.

(C) તમામ સ્થળોએ સૈનિક શાળાઓ આવેલી છે.

(D) તમામ સ્થળોએ કસ્તુરબા કન્યા વિદ્યાલયો આવેલી છે.

212. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની સંકલ્પના વ્યવહારમાં અમલ કરવાની સ્પષ્ટ ભલામણ ક્યારે થયેલ હતી ?

(A) 1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં
(B) 1991 ની રામમૂર્તિ સમિતિની ભલામણોમાં
(C) મુદલિયાર શિક્ષણ પંચની ભલામણોમાં
(D) ઈશ્વરભાઈ પટેલ સમિતિની ભલામણોમાં

213. કયા હેતુને સિદ્ધ કરવા નવોદય વિદ્યાલયો શરૂ કરવામાં આવેલ ?

(A) માધ્યમિક શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા ઘટાડવા માટે

(B) કન્યાઓને શિક્ષણની સમાન તક પુરી પાડવા, અંતરાયો દૂર કરવા સારૂં

(C) મૂલ્યશિક્ષકની અગત્યતા પ્રતિપાદિત કરવાના હેતુસર

(D) ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ગુણવતાયુક્ત શિક્ષણની તક પુરી પાડવાના હેતુસર

214. શિક્ષણ ક્ષેત્રે ભારતભરમાં કામ કરતી સૌથી મોટી સેવાભાવી સંસ્થા NGO કઈ છે ? જેની સ્થાપના માધવચવાણ અને ફરીદા લાંબાએ કરેલ, જે ભારત ઉપરાંત અમેરિકા, જર્મની, સ્વીડન અને બ્રિટનમાં પણ કામ કરે છે ?

(A) સ્માઈલ ઈન્ડિયા
(B) નન્હીકલી
(C) પ્રથમ
(D) મહેરબાઈ ડી. ટાટા ટ્રષ્ટ

215. "સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર" કોના દ્વારા આપવામાં આવે છે ?

(A) માનવસંશાધન મંત્રાલય, ભારત સરકાર
(B) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
(C) યુનિસેફ (UNICEF)
(D) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ભારત સરકાર

216. Centre for Advence Studies in Education નામની સંસ્થા દ્વારા વર્ગવ્યવહાર, માઈક્રો ટીચિંગ, શિક્ષણમાં નવપ્રસ્થાન વગેરે તદ્દન નવા વિચારો ભારતના શિક્ષણ જગતમાં પ્રસારવાની શરૂઆત ગુજરાતના કયા શહેરમાંથી થયેલ હતી ?

(A) વડોદરા
(B) અમદાવાદ
(C) ગાંધીનગર
(D) વલ્લભ વિદ્યાનગર

217. પઢે ભારત, બઢે ભારત કાર્યક્રમ કયા અભિયાન / યોજનાનું અંગ છે ?

(A) સર્વ શિક્ષા અભિયાન SSA
(B) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન RMSA
(C) ડી. પી. ઈ. પી. DPEP
(D) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન CCE

218. ફેઝિયરો TQM દ્વારા શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે એક રૂપરેખા રજૂ કરી છે. આ TQMમાં "T" શું દર્શાવે છે ?

(A) Training
(B) Teaching
(C) Total
(D) Team Work

219. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 અનુસાર "રજીસ્ટર" એટલે શું ?

(A) દરેક શાળામાં નિભાવાતું જનરલ રજીસ્ટર
(B) બોર્ડ દ્વારા નિભાવવામાં આવતું શાળા નોંધણી રજીસ્ટર
(C) જિલ્લાશિક્ષણાધિકારી દ્વારા નિભાવતું ગ્રાન્ટ રજીસ્ટર
(D) બોર્ડની જાહેર પરીક્ષાઓના કાયમી રેકર્ડ

220. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં શાળા સંચાલક મંડળોના કેટલા ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય છે ?

(A) 4
(B) 3
(C) 5
(D) 2

221. કોઈ ખાનગી માધ્યમિક શાળા તેનો વહીવટ અધિનિયમ અને વિનિયમોની જોગવાઈ મુજબ યોગ્ય રીતે ન ચલાને તો સરકાર તેનો વહીવટ લઈ શકે છે. વધુમાં વધુ કેટલા વર્ષ સુધી સરકાર આવો વહીવટ પોતાને હસ્તક લઈ શકે ?

(A) 1 વર્ષ
(B) 2 વર્ષ
(C) 3 વર્ષ
(D) 5 વર્ષ

222. બોર્ડની પરીક્ષાને લગતા કોઈ સાહિત્યનો તેની ગુપ્તતાને પ્રતિકૂળ અસર થાય તે રીતે કોઈ વ્યક્તિ ઉપયોગ કરે તો દોષિત ઠરેથી તેને વધુમાં વધુ કેટલી શિક્ષા થઈ શકે ?

(A) 2 વર્ષની ગેદ અને 200 રૂપિયા દંડ
(B) 6 માસની કેદ
(C) 1 વર્ષની કેદ
(D) 1 વર્ષની કેદ અને 1000 રૂપિયા દંડ

223. કોઈ સંચાલક બોર્ડની કોઈપણ મંજૂરી લીધા વગર પોતાની શાળા બંધ કરી દેવાના ગુન્હામાં દોષિત ઠરે તો તેને મહત્તમ કેટલી શિક્ષા થઈ શકે ?

(A) 500 રૂપિયા દંડ અને 6 માસની સજા
(B) 1000 રૂપિયા દંડ
(C) 10,000 રૂપિયા દંડ
(D) 20,000 રૂપિયા દંડ

224. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અધિનિયમ તે હેઠળના નિયમો, વિનિયમ અથવા ઉપનિયમની જોગવાઈના અર્થઘટન સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો બોર્ડના ઓછામાં ઓછા કેટલા સભ્યોની માંગણી પ્રાપ્ત થયેથી સરકાર તે અંગે વિચારણા અને નિર્ણય કરી શકે છે ?

(A) 10 સભ્યો
(B) 40% સભ્યો
(C) 30% સભ્યો
(D) 1/3 સભ્યો

225. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને સરકાર કઈ કલમ હેઠળ મળેલ સત્તાથી આદેશો કરી શકે છે, બોર્ડના નિર્ણય ઉલટાવી શકે છે ?

(A) કલમ 48
(B) કલમ 52
(C) કલમ 53
(D) કલમ 56

226. બોર્ડના અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષની અનઉપસ્થિતિમાં બોર્ડની બેઠકનું અધ્યક્ષ સ્થાન કોણ લેશે ?

(A) બોર્ડના સચિવ
(B) અધ્યક્ષશ્રીએ આ માટે નિયુક્ત કરેલ અધિકારી
(C) બોર્ડના હાજર રહેલ સભ્યો, જેને ચૂંટી કાઢે તે સભ્ય
(D) હોદ્દાની રૂએ હાજર રહેલ બોર્ડના સભ્યો પૈકી સૌથી સિનીયર અધિકારી

227. પૂર્ણકાલિન માધ્યમિક શિક્ષકે વિરામનો સમય બાદ કરતા દર અઠવાડિયે ઓછામાં ઓછું કેટલા કલાક શૈક્ષણિક કાર્ય કરવું જોઈએ ?

(A) 30 કલાક
(B) 21 કલાક
(C) 36 કલાક
(D) 42 કલાક

228. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની અભ્યાસ સમિતિના હોદ્દાની મુદત કેટલી હોય છે ?

(A) 3 વર્ષ
(B) 2 વર્ષ
(C) 2½ વર્ષ
(D) 4 વર્ષ

229. નીચે પૈકીનું કયું કાર્ય બોર્ડની શૈક્ષણિક સમિતિનું છે ?

(A) જે-તે વિષયના નિયત અભ્યાસક્રમ અંગે જરૂરી લાગે તેવા ફેરફાર અંગે બોર્ડને સલાહ આપવી.

(B) નવી શાળાની નોંધણી કરવા અંગે અધિકારીની ભલામણ પર નિર્ણય કરવાનું

(C) માધ્યમિક શિક્ષણની યોગ્ય પદ્ધતિના ક્રમિક વિકાસ બાબતને લગતા ધોરણો ઠરાવવા અને જાળવવા.

(D) બોર્ડ દ્વારા લેવાતી આખરી પરીક્ષાના સંચાલનમાંથી ઉપસ્થિત થતી તમામ બાબતો વિચારણમાં લેવી.

230. માધ્યમિક વિભાગના કોઈ ધોરણમાં વધારાના નવા વર્ગ શરૂ કરવાની અરજી ક્યારે કરવાની હોય છે ?

(A) શૈક્ષણિક વર્ષના આરંભના એક મહિનાની અંદર

(B) શૈક્ષણિક વર્ષના આરંભના ત્રણ મહિનાની અંદર

(C) શૈક્ષણિક વર્ષના આરંભના છ મહિના અગાઉ

(D) શૈક્ષણિક વર્ષના આરંભના એક મહિના અગાઉ

231. માન્ય ન હોય તેવી શાળામાંથી પ્રાથમિક અભ્યાસ બાદ માધ્યમિક શાળામાં પ્રવેશ માગનાર અંગે વિનિયમો અનુસાર કઈ કાર્યવાહી કરવી જોઈએ ?

(A) પાંચ વર્ષે પ્રાથમિકમાં પ્રવેશ ગણી ઉંમરના 1 વર્ષે 1 ધોરણ મુજબ વયને અનુરૂપ ધોરણમાં પ્રવેશ આપવાનો રહે.

(B) અમાન્ય શાળામાંથી આવેલ હોઈ જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરી મેળવી પ્રવેશ આપવો જોઈએ.

(C) વિદ્યાર્થીને ઓપન સ્કૂલ મારફતે અભ્યાસ કરવા માર્ગદર્શન આપવું જોઈએ.

(D) વાલીનું મેજિસ્ટ્રેટ રૂબરૂ કરેલ સોગંદનામું મેળવી બધા વિષયોની લેખિત કસોટી યોજી જે ધોરણ માટે લાયક જણાય તેમાં પ્રવેશ આપવાનો રહે.

232. માધ્યમિક શાળામાં અઠવાડિયામાં સરેરાશ ઓછામાં ઓછું કેટલા કલાક શિક્ષણકાર્ય થવું જોઈએ ?

(A) 28
(B) 27
(C) 30
(D) 24

233. તાલીમ લીધેલો સ્નાતક હોય અને તાલીમ પછીનો કેટલા વર્ષનો શિખવવાનો / નિરીક્ષણનો અનુભવ ધરાવતી વ્યક્તિ હેડમાસ્ટર તરીકે નિમાવાની લાયકાત ધરાવી શકે ?

(A) 3
(B) 5
(C) 10
(D) 15

234. નીચે પૈકીની કઈ વર્તણૂંક નિયમોનુસારની નથી ?

(A) કોઈ શિક્ષકે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરાવતા ખાનગી ક્લાસમાં આચાર્યની પરવાનગી લઈ રોજનો 1 કલાક ફરજ બજાવવી.

(B) શાળા સંચાલકની પરવાનગીથી કોઈ આચાર્યએ પોતાની નિયમિત ફરજમાં વિક્ષેપ ના પડે તે રીતે માન્ય વિદ્યાપીઠમાં અંશકાલિન વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવવી.

(C) શાળા સંચાલકની પરવાનગીથી કોઈ આચાર્યએ કોઈ વિદ્યાપીઠમાં સંશોધન માટે માર્ગદર્શન આપવાની.

(D) કોઈ શિક્ષકે આચાર્યની પરવાનગી મેળવી રોજના બે કલાક ખાનગી ટ્યૂશન આપવાની.

235. માધ્યમિક શાળાના શિક્ષકને ફરજમાં ગંભીર બેદરકારી હોવાનું સાબિત થતું હોવા છતાં નીચે પૈકીની કઈ શિક્ષા ફરમાવી શકાતી નથી ?

(A) ભવિષ્યની અસર સાથે ઈજાફાની અટકાયત

(B) સંસ્થાને થયેલ આર્થિક નુકસાનની વસૂલાત

(C) પાયરી ઉતાર

(D) ભવિષ્યમાં માધ્યમિક શાળાની નોકરીમાં ગેરલાયક ઠરે તે રીતે નોકરીમાંથી રૂખસદ

236. માહિતી અધિકાર કાયદા હેઠળ મળેલ અરજી પરત્વે, જાહેર માહિતી અધિકારના સંદર્ભમાં નીચે પૈકીનું કયું વિધાન સાચું નથી ?

(A) વિડીયો કેસેટમાં સંગ્રહિત માહિતી આપી શકે છે.

(B) પોતાના હસ્તક રેકર્ડ પરથી અનુમાનિત નિષ્કર્ષ તારવીને અરજદારને આપી શકે છે.

(C) બે અધિકારીઓ વચ્ચે થયેલ ઈ-મેલ ની પ્રિન્ટ અરજદારને આપી શકાય.

(D) અરજદારને રેકર્ડનું નિરીક્ષણ કરવા દઈ શકાય છે.

237. મહેશભાઈએ જાહેર માહિતી અધિકારી સમક્ષ કલમ-6 મુજબની વિનંતી સાથે નિયત ફી ભરીને અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ ઉક્ત માહિતીમાં ફોટો કોપી ખર્ચના રૂપિયા 1152 ભરી જવા તેઓને પત્ર લખેલ જેના 12 દિવસ બાદ તેઓએ નાણાં જમા કરાવેલ છે. મૂળ અરજીની તારીખથી વધુમાં વધુ કેટલા દિવસમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડવાની રહે છે ?

(A) 30 (B) 40

(C) 42 (D) 35

238. જાહેર માહિતી અધિકારી દ્વારા કયા પ્રકારની માહિતી આપી શકાય તે બાબતે નીચે પૈકીનું કયું વિધાન સાચું નથી ?

(A) 20 વર્ષ જુની કોઈ ઘટના, પ્રસંગ કે બાબતને લગતી માહિતી આપી શકાય.

(B) જેનાથી રાજ્ય વિધાન મંડળના વિશેષાધિકારનો ભંગ થઈ શકે તેવી માહિતી આપી ન શકે.

(C) ત્રાહિત પક્ષકારની સંમતિ વગર તેને લગતી માહિતી કોઈપણ નાગરિકને આપી શકાય.

(D) ગુન્હાને ઉશ્કેરણી આપવામાં પરિણમી શકે તેવી માહિતી આપી ન શકાય.

239. દરેક જાહેર સત્તા મંડળે માહિતી અધિકાર અધિનિયમ 2005 ની કલમ 4(ખ)માં દર્શાવેલ 17 મુદ્દાની પોતાની કચેરીને લગતી માહિતી કાયદો અમલમાં આવ્યાના કેટલા દિવસમાં જાહેર કરવાની હતી ? (PRO ACTIVE DISCLOSURE)

(A) 30 (B) 60

(C) 120 (D) 45

240. જ્યાં શક્ય હોય ત્યાં અરજદારે માંગેલ માહિતી કોમ્પેક્ટ ડિસ્કમાં આપી શકાય છે. આ માટે કેટલો ચાર્જ નિયત થયેલ છે ?

(A) ડિસ્ક દીઠ રૂપિયા 20

(B) ડિસ્ક દીઠ રૂપિયા 50

(C) ડિસ્ક દીઠ રૂપિયા 100

(D) કચેરીને ખરેખર થયેલ ખર્ચ પણ વધુમાં વધુ રૂપિયા ડિસ્ક દીઠ રૂપિયા 500

241. મદદનીશ જાહેર માહિતી અધિકારીએ કરવાની થતી કામગીરીને ક્રમાનુસાર ગોઠવો.

P : અરજદારને પહોંચ આપવી

Q : અરજી જાહેર માહિતી અધિકારીને મોકલવી

R : અરજીની વિગતો ચકાસવી

S : અરજીની નોંધણી કરવી.

T : અરજદાર પાસેથી અરજી મેળવવી.

U : અરજી ફી મેળવવી / બી.પી.એલ. પુરાવો ચકાસવો

(A) S - T - R - U - P - Q (B) T - S - U - P - S - Q

(C) S - R - T - U - Q - P (D) T - U - S - P - R - Q

242. માહિતી અધિકારના કાયદા હેઠળ મંત્રી પરિષદના નિર્ણય તેના કારણો અને જે સામગ્રીને આધારે નિર્ણય લેવામાં આવ્યા તેને લગતી માહિતી આપવા માટે સાચું શું છે ?

(A) આવી માહિતી કલમ 8 (1) (2) અનુસાર ગુપ્ત ગણાતી હોવાથી આપી ના શકાય.

(B) નિર્ણય લેવાની બાબત પૂર્ણ થઈ ગયા પછી આપી શકાય.

(C) સંબંધિત વહીવટી વિભાગની મંજૂરી લઈને આપી શકાય.

(D) રાજ્ય માહિતી આયોગને રેફરન્સ કરવાનો રહે.

243. રેકર્ડ વર્ગીકરણના નિયમ મુજબ 15 વર્ષને અંતે નાશ કરવાની હતી તેવી કોઈ માહિતીનો ખરેખર નાશ ન કરાયો હોય અને અરજદાર માહિતી અધિનિયમ આવી માહિતી માગે તો શું કરવું જોઈએ ?

(A) નિયમોનુસાર રેકર્ડ નાશ કરવા નિર્ણય લેવાયેલ છે. તેવો ઉત્તર આપી અરજી દફતરે કરવી.

(B) આવી માહિતી આપવી જોઈએ.

(C) 30 દિવસની મુદત દરમ્યાન રેકર્ડ નાશ કરી, અરજદારને 'રેકર્ડ ઉપલબ્ધ નથી' તેમ જણાવવું.

(D) ખાતાના વડાનું માર્ગદર્શન મેળવી નિર્ણય કરવો.

244. જાહેર માહિતી અધિકારી તરીકે મામલતદારશ્રી દ્વારા પુરેપુરી માહિતી ન અપાતા અરજદારે પ્રથમ અપીલ એપલેટ ઓથોરીટી તરીકે પ્રાંત અધિકારીશ્રીને કરી, તેમના નિર્ણયથી પણ અરજદારને સંતોષ ન થયો હોય તો બીજી અપીલ કોને કરવાની રહે ?

(A) કલેક્ટરશ્રીને
(B) રાજ્ય માહિતી આયોગને
(C) મહેસૂલ સચિવશ્રીને
(D) કેન્દ્રીય માહિતી આયોગને

245. માહિતી અધિકાર અધિનિયમ અને તે હેઠળના નિયમો અન્વયે નીચે પૈકી કયા વિધાનો પૂર્ણતઃ ખરા છે ?

(i) વાજબી કારણસર માહિતી આપવામાં વિલંબ કરનાર માહિતી અધિકારીને રોજના રૂપિયા 250 લેખે દંડ થઈ શકે છે.

(ii) એપેલેટ અધિકારીના નિર્ણય વિરૂધ્ધ અરજદાર ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં દાવો દાખલ કરી શકે છે.

(iii) કોઈ અરજદારની અરજી અંગે કલમ 8 મુજબ માહિતી આપી શકાય તેમ નથી તેવો જવાબ આપવાનું કામ માહિતી અધિકારી પોતાના તાબાના અધિકારીને સોંપી શકે છે.

(A) (i), (ii) અને (iii)
(B) (ii) અને (iv)
(C) (i) અને (iii)
(D) (i) થી (iv) તમામ

246. જાહેર માહિતી અધિકારના નિર્ણય હેઠળ અપીલ અધિકારીને કેટલા દિવસમાં અપીલ કરવાની હોય છે ? અપીલ સત્તાધિકારીએ ખાસ સંજોગો સહિત મોડામાં મોડું કેટલા દિવસમાં અપીલનો નિકાલ કરવાનો હોય છે ?

(A) 30, 30
(B) 45, 30
(C) 45, 45
(D) 30, 45

247. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ મળેલ અરજી બીજી કચેરીને લગતી હોવાનું માલૂમ પડે તો જાહેર માહિતી અધિકારીએ કઈ કાર્યવાહી કરવાની રહે ?

(A) સાત દિવસમાં નમૂના ગ માં જે-તે કચેરીને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવાની રહે.

(B) પાંચ દિવસની અંદર નમૂના ઘ માં જે-તે કચેરીને તબદીલ કરી, અરજદારને જાણ કરવાની રહે.

(C) પાંચ દિવસમાં નમૂના ખ માં જે-તે કચેરીને તબદીલ કરી અરજદારને જાણ કરવાની રહે.

(D) અરજદારને વધુમાં વધુ પાંચ દિવસની અંદર અરજી પરત કરી યોગ્ય સત્તાધિકારીને અરજી કરવા સૂચના આપવાની રહે.

248. રાજ્ય માહિતી કમિશ્નરોની ભલામણ કરવા રચાયેલી સમિતિમાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) મુખ્ય સચિવશ્રી
(B) મુખ્યમંત્રીશ્રી
(C) વિધાનસભાના વિરોધ પક્ષના નેતા
(D) મુખ્યમંત્રી દ્વારા નિયુક્ત કરાયેલ કેબિનેટ મંત્રી

249. કોઈ માહિતી અથવા રેકર્ડ ત્રાહિત પક્ષકારને લગતી હોય તેવા કિસ્સામાં ત્રાહિત પક્ષકારને લેખિત નોટીસ આપી આ અંગે તેનું લેખિત કે મૌખિક નિવેદન લેવું આવશ્યક જણાતું હોય તો ત્રાહિત પક્ષકારને કેટલા દિવસનો સમય આપવો જોઈએ ?

(A) 5
(B) 10
(C) 15
(D) 30

250. નીચે પૈકીનું કયું વિધાન જાહેર માહિતી અધિનિયમ 2005 નો ઉદ્દેશ સચોટ રીતે વ્યક્ત કરે છે ?

(A) આ અધિનિયમનો હેતુ જાહેર વહીવટમાં પારદર્શિતા અને જવાબદારી લાવવાનો છે.

(B) આ અધિનિયમનો ઉદ્દેશ જાહેર વહીવટમાં વિલંબ નિવારનો છે.

(C) આ અધિનિયમનો ઉદ્દેશ જાહેર વહીવટમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો છે.

(D) આ અધિનિયમનો ઉદ્દેશ કર્મચારીઓના કામનું ભારણ ઘટાડવાનો છે.

251. નિર્વાહ ભથ્થામાંથી નીચે મુજબની કપાત વૈકલ્પિક છે ?

(A) સામાન્ય ભવિષ્યનિધિમાંથી પેશગીની વસુલાત

(B) આવકવેરો અને વ્યવસાયવેરો

(C) મકાન ભાડું

(D) તેને આપેલ લોન કે પેશગીમાંથી સક્ષમ અધિકારી નક્કી કરે તે દરે વસુલાત

252. બિનરાજ્યપત્રિત કર્મચારીઓની સેવાપોથી કોણ નિભાવે છે ?

(A) પગાર અને હિસાબી અધિકારી

(B) સંબંધિત વહીવટી વિભાગ

(C) જે તે કચેરીના વડા

(D) સામાન્ય વહીવટ વિભાગ

253. બદલી વખતે ચાર્જ (હવાલા)ની લેતીદેતી ક્યાં કરવી જોઈએ ?

(A) ખાતાના વડાની કચેરીમાં

(B) રાજ્યના પાટનગરમાં

(C) કચેરીના વડા સુચવે ત્યાં

(D) મુખ્યમથકે

254. નિવૃત્ત થતા એક અધિકારી તેઓની સેવાપોથી પરત માંગે છે તો તે આપી શકાય ?

(A) હા

(B) ના

(C) વડી કચેરીની પરવાનગીથી આપી શકાય

(D) સંબંધિત વિભાગની મંજૂરીથી આપી શકાય

255. તાજેતરમાં મામલતદારોને તેનાથી ઉપલા સંવર્ગ એટલે કે નાયબ કલેક્ટર સંવર્ગમાં બઢતી મળતાં તેઓ પાસે રહેલ મામલતદારની જગ્યાનો વધારાનો હવાલો ચાલુ રાખવામાં આવે છે. તો આ સંજોગોમાં નાયબ કલેક્ટર તરીકે મામલતદારનો હવાલો સંભાળવા માટે કેટલો પગાર મળશે ?

(A) સંભવિત પગારના 10%

(B) સંભવિત પગારના 5%

(C) ખાસ પગાર ન મળે

(D) મળતા પગારના સંભવિત પગારના 4%

256. વધારાનો હવાલો ઓછામાં ઓછા કેટલા દિવસ સુધી સંભાળવામાં આવે તો ખાસ પગાર મળવાપાત્ર થાય ?

(A) 60 દિવસ કે તેથી વધુ

(B) 30 દિવસ કે તેથી વધુ

(C) જગ્યા ન ભરાય ત્યાં સુધી સતત હવાલો સંભાળ્યો હોય તો જ

(D) રજા પર ન ઉતરે ત્યાં સુધી

257. બે કરતાં ઓછા બાળક ધરાવતા પુરુષ કર્મચારીને તેની પત્નીની પ્રસૂતિ માટે કેટલા સમયની પિતૃત્વ રજા મળે ?

(A) 7 દિવસ
(B) 10 દિવસ
(C) 15 દિવસ
(D) 14 દિવસ

258. ગાંધીનગરમાં જ એક કચેરીથી બીજી એક કચેરીમાં બદલી થતાં (જાહેર હિતમાં) અધિકારીને કેટલા દિવસનો હાજર થવાનો સમય મળે ?

(A) એક દિવસ
(B) બે દિવસ
(C) એક પણ દિવસ નહિ
(D) સાત દિવસ

259. ગુજરાત મુલ્કી સેવા નિયમો 2000 મુજબ સરકારી કર્મચારીને સમગ્ર નોકરી દરમ્યાન કેટલી અસાધારણ રજા મંજૂર કરી શકાય ?

(A) 12 મહિના
(B) 24 મહિના
(C) 36 મહિના
(D) 48 મહિના

260. ગુજરાત મુલ્કી સેવા નિયમો 2000 મુજબ સરકારી કર્મચારીની બદલી વેકેશન ખાતામાંથી બિન-વેકેશન ખાતામાં થયેલ હોય, ત્યારે તેની વેકેશન ખાતાની નોકરી ક્યારે પૂર્ણ થયેલ ગણાશે ?

(A) કર્મચારીએ બિન વેકેશન ખાતામાં નોકરી સ્વિકાર્યા તારીખથી

(B) કર્મચારીએ વેકેશન ખાતામાં નોકરી છોડ્યાની છેલ્લી તારીખથી

(C) જે તે શૈક્ષણિક વર્ષના અંતથી

(D) કર્મચારીએ છેલ્લે ભોગવેલ વેકેશનના અંતની તારીખથી

261. ગૌણ કેસો એટલે -

(A) જેમાં રૂપિયા 5,000/- થી ઓછી રકમનું નુકશાન હોય.

(B) જેમાં રૂપિયા 500/- થી ઓછી રકમનું નુકશાન હોય.

(C) જેમાં રૂપિયા 501/- થી રૂપિયા 4,999/- નું નુકશાન હોય.

(D) જેમાં રૂપિયા 10,000/- થી વધુ રકમનું નુકશાન હોય.

262. વાસ્તવિક નુકશાન એટલે -

(A) રૂા. 10,000/- થી વધુનું નુકશાન
(B) રૂા. 5,000/- થી વધુનું નુકશાન
(C) રૂા. 15,000/- થી વધુનું નુકશાન
(D) રૂા. 500/- થી વધુનું નુકશાન

263. ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માટે ખાદીના વિકાસ માટે, કુટિર ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીમાં દાન મેળવવામાં આવે છે. આ નાણાં રોકડ પેટીમાં -

(A) અલગ રાખવાના રહેશે નહિ.

(B) દાન સ્વીકારી જ ના શકાય.

(C) અલગ રાખાના રહેશે.

(D) અલગ રાખવા કે કેમ તે અંગે હિસાબી અધિકારી વર્ગ-1 નિર્ણય લેશે તે મુજબ

264. કોઈ બિન રાજ્યપત્રિત અધિકારી લાંબી રજા પર હોય ત્યારે તેનો પગાર સંદેશવાહક મારફતે મોકલવા અંગે નીચે પૈકીની કઈ બાબત સાચી છે ? (નાણાંકીય નિયમોના સંદર્ભમાં)

(A) કચેરીના કેશિયરને સંદેશવાહક તરીકે જવા કચેરીના વડા પરવાનગી આપે છે.

(B) સંદેશવાહકની ગફલતથી ગુમ થયેલ નાણાં બાબતે કર્મચારી સરકાર સામે દાવો કરે છે.

(C) અધિકારપત્ર અને પહોંચ પર ગેરહાજર કર્મચારીની સહી મેળવી તેની ખરાઈ કરવું આવશ્યક છે.

(D) કેશિયર પણ રજા પર હોવાથી રોકડ વિભાગના કર્મચારીને સંદેશવાહક તરીકે મોકલવામાં આવે છે.

265. નીચે પૈકીની કઈ પ્રવૃત્તિ ગુજરાત નાણાંકીય નિયમોની જોગવાઈ સાથે સુસંગત છે અને નિયમબધ્ધ છે ?

(A) કચેરીના વડા એક સરકારી કર્મચારીને બે માસ માટે સ્ટોર્સની કામગીરી કોઈપણ જાતની જામીનગીરી લીધા સિવાય સોંપે છે.

(B) એક ખાતાના વડા સરકારી ડ્રાઈવર પાસે 500 રૂા. ની જામીનગીરી માંગે છે.

(C) માર્ચ 2016 માં અપાયેલ નાણાંકીય મંજૂરીને લગતુ એક બીલ મે 2016 માં રજૂ કરવામાં આવે છે, જેની ચૂકવણી કરવાની તિજોરી અધિકારી ધારા દિન-7 માં કરવામાં આવે છે.

(D) એક અધિકારીના જી.પી.એફ. એકાઉન્ટમાંથી મંજૂર કરેલ અંશતઃ ઉપાડની ચૂકવણીનું બીલ 6 માસ બાદ રજૂ થાય છે અને તરત જ મંજૂર થાય છે.

266. સચિવાલયના વિભાગના CIO કે જેઓ IT ની કામગીરી સંભાળે છે. તેઓ પોતાના નજીકના સગા-વહાલાઓ કે જેઓની સાથે તેઓનો લોહીનો સંબંધ છે તેઓના નામે કંપની બનાવી તેઓ પાસેથી જ 3 જુદા જુદા સ્પર્ધાત્મક ભાવો મેળવી કોમ્પ્યુટર હાર્ડવેર-સોફ્ટવેર-સ્ટેશનરી ખરીદે છે, આ સંજોગોમાં નાણાંકીય ઔચિત્યના કયા નિયમનો ભંગ થયો ગણાય ?

(A) કોઈ ભંગ થયો ન ગણાય

(B) નિયમ 8 ની નોંધ-3

(C) નિયમ-8 ની નોંધ-1 અને નોંધ-3

(D) નિયમ 8 ની નોંધ-2 અને નોંધ-3

267. ગુજરાત નાણાંકીય નિયમો 1971 અનુસાર દૈનિક ભથ્થા સહિત પ્રવાસ ભથ્થાનો હક્ક જે તારીખથી લેણો થયો હોય તે તારીખથી કેટલા સમયમાં તેને માટે માગણું કરવામાં નહીં આવે તો હક્ક છોડી દીધો હોવાનું ગણાશે ?

(A) 3 માસ

(B) 6 માસ

(C) 9 માસ

(D) 12 માસ

268. ગુજરાત નાણાંકીય નિયમો 1971 અનુસાર સરકારી કર્મચારી દ્વારા વતન મુસાફરી માટે લેવામાં આવેલ પેશગીના કેટલા દિવસમાં વતન તરફની મુસાફરી શરૂ ન કરી હોય તો પેશગી તરત જ રિફંડ કરવાની રહે ?

(A) 30 દિવસ

(B) 21 દિવસ

(C) 15 દિવસ

(D) 7 દિવસ

269. કોઈ એક અધિકારી ખરીદી અંગે ટેન્ડર બહાર પાડે છે જેમાં ટેક્ષ કોણે ભરવાના છે તેની સ્પષ્ટતા નથી કરવામાં આવતી, ખરીદ પ્રક્રિયા બાદ L1 કંપનીને ઓર્ડર આપવામાં આવે છે જ્યારે સરકારશ્રીએ નાણાં ચૂકવવાના થાય છે ત્યારે ચૂકવવાના થતા બીલમાંથી ટેક્ષની રકમ કાપી નાખતાં L1 કંપની કોર્ટમાં જાય છે અન તેની તરફેણમાં ચૂકાદો આવે છે. આથી અધિકારીની જવાબદારી નક્કી થાય છે. આ જવાબદારી કયા નિયમ નીચે નક્કી કરી શકાય ?

(A) શરતચૂક હોવાથી કોઈ ભંગ નથી.

(B) નિયમ-8

(C) નિયમ-20 થી 24

(D) નિયમ-15

270. સરકારી કર્મચારીઓને મંજૂર કરાતી પેશગીઓ પર કયા પ્રકારનું વ્યાજ લેવામાં આવે છે ?

(A) સાદુ વ્યાજ દર મહિનાની છેલ્લી તારીખે બાકી નીકળતી રકમ પર.

(B) ચક્રવૃદ્ધિ વ્યાજ દર મહિનાની છેલ્લી તારીખે બાકી નીકળતી રકમ પર.

(C) સાદુ વ્યાજ દર વર્ષની છેલ્લ તારીખે બાકી નીકળતી રકમ પર.

(D) ચક્રવૃદ્ધિ વ્યાજ દર વર્ષની છેલ્લી તારીખે બાકી નીકળતી રકમ પર.

271. વર્ષ 2015-16 ના અંદાજપત્રમાં રૂા. 5.00 લાખની કાર ખરીદવાની જોગવાઈ કરવામાં આવી છે. તો માત્ર જોગવાઈ થયે આપની કચેરી કોઈની પણ મંજૂરી લીધા વગર હવે DGS&D રેટ કોન્ટ્રેક્ટથી કાર ખરીદી શકશે કે કેમ ?

(A) કોઈ પ્રકારની મંજૂરીની જરૂર નથી કારણ કે બજેટમાં મંજૂરી મળી ગઈ છે.

(B) વહીવટી મંજૂરીની પશ્ચાતવર્તી મંજૂરી લઈને કાર ખરીદી શકાય.

(C) વહીવટી મંજૂરીની પૂર્વમંજૂરી લઈને કાર ખરીદી શકાય.

(D) કોઈ મંજૂરી લેવાની રહેતી નથી, વર્ષ આખરે એક પત્રકમાં થયેલ ખર્ચની માત્ર જાણ કરવાની રહે.

272. લેખાનુદાન એટલે શું ?

(A) તાકીદના અને અણધાર્યા ખર્ચને પહોંચીવળવા માટે લીધેલ દાન.

(B) સંવિધાનની કલમ 206 નીચે નાણાકીય વર્ષના કોઈપણ ભાગના અંદાજી ખર્ચ માટે અમુક રકમ અગાઉથી ઉપાડવાની મંજૂરી આપવાની રાજ્યની વિધાનસભાને પ્રાપ્ત થતી સત્તા.

(C) બજેટમાં લેખિત દાન આપેલ હોય તે

(D) ફાળવેલ ગ્રાંટથી વધુ ખર્ચ થયાના કિસ્સામાં દરેક ઉપાડ અધિકારીએ અપનાવવાની થતી કાર્યપદ્ધતિ.

273. રૂા. પાંચ કરોડમાં એક CNC મશીન ખરીદવા માટે અંદાજપત્રમાં નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે પરંતુ ડોલરના વિનિમય દરમાં વધારો થતા અને આધુનિક મશીન ખરીદતા રૂા. 15 કરોડમાં CNC મશીન પુરું પાડવમા માટે (L1) બીડરના ભાવ આવ્યા છે તો આ સંજોગોમાં બજેટમાંથી આપની પાસે વધારાના નાણાં મેળવવા માટે કયો વિકલ્પ છે ?

(A) લેખાનુદાન

(B) હિસાબનું નવું સદર ખોલવું

(C) વિનિયોગ અધિનિયમ

(D) પુરક માંગણી

274. માન. રાજ્યપાલશ્રીની કચેરીનો ખર્ચ કયો ખર્ચ ગણાય ?

(A) મતપાત્ર ખર્ચ

(B) બિન મતપાત્ર ખર્ચ

(C) આકસ્મિક ફંડ ખર્ચ

(D) સ્થાયી મંજૂરી ખર્ચ

275. આવક અને ખર્ચના અંદાજના ફોર્મ ભરતી વખતે નીચેની માહિતીની જરૂર નથી.

(A) અગાઉના પાંચ વર્ષના ખર્ચના ખરેખર આંકડા

(B) ચાલુ વર્ષના મંજૂર થયેલ અંદાજ

(C) ચાલુ વર્ષના સુધારેલા અંદાજ

(D) આગામી વર્ષના સૂચિત અંદાજ

276. આકસ્મિક ફંડમાંથી પેશગી મેળવવા માટેની અરજી કરતાં પહેલાં નીચેનામાંથી કઈ બાબત સંતોષવી જરૂરી નથી ?

(A) વહીવટી બહાલી
(B) ટેકનીકલ બહાલી
(C) સ્થળની પસંદગી
(D) માલની ડિલીવરી

277. પુનઃ વિનિયોગ નીચે પૈકી કયા સંજોગોમાં શક્ય નથી.

(A) એક મુખ્ય સદરમાંથી બીજા મુખ્ય સદરમાં
(B) મહેસૂલીમાંથી મૂડીમાં (સદર)
(C) એક ગૌણ સદરથી બીજા ગૌણ સદરમાં
(D) એક પેટા સદરમાંથી બીજા પેટા સદરમાં

278. વસુલ કરાયેલ સરેરાશ જમીન મહેસૂલની રકમ પૈકી નીચેનામાંથી કેટલા ટકા રકમ પંચાયતોને નાણાંકીય સહાય તરીકે ઉપલબ્ધ થાય છે ?

(A) 80 ટકા
(B) 100 ટકા
(C) 50 ટકા
(D) 60 ટકા

279. ભારતીય બંધારણના કયા આર્ટીકલ નીચે આકસ્મિક ફંડની રચના કરવામાં આવી છે ?

(A) આર્ટીકલ 309
(B) આર્ટીકલ 311
(C) આર્ટીકલ 267(2)
(D) આર્ટીકલ 267(1)

280. અંદાજપત્રના તબક્કાઓની યોગ્ય ક્રમિકતા જણાવો.

(1) અંદાજપત્ર રજૂ કરવું
(2) વિનિયોગ બિલ માટે રાજ્યપાલશ્રીની મંજૂરી
(3) વિનિયોગ બીલ રજૂ કરવું, તે અંગે વિચારણા કરવી અને તે પસાર કરવું.
(4) અંદાજપત્ર અંગે સામાન્ય ચર્ચા
(5) ગ્રાન્ટ માટેની માંગણીઓ અંગે મતદાન.

(A) 2, 1, 3, 5, 5
(B) 1, 4, 5, 3, 2
(C) 4, 1, 3, 2, 5
(D) 1, 3, 2, 4, 5

281. ઉપયોગીતા પ્રમાણપત્ર આપવા માટેની મહત્તમ સમય મર્યાદા શું છે ?

(A) ગ્રાંટનો ખર્ચ થાય તેટલે તુરત જ
(B) ગમે ત્યારે
(C) નાણાંકીય વર્ષ પૂરું થાય ત્યાં સુધીમાં
(D) ગ્રાંટ મળ્યાની તારીખથી 12 મહિનામાં

282. નોકરી દરમિયાન મૃત્યુ પામતા સરકારી કર્મચારીના કુટુંબને તાત્કાલિક રાહત કોણ મંજૂર કરી શકે છે ?

(A) કચેરીના વડા
(B) પ્રાદેશિક વડા
(C) ખાતના વડા
(D) સંબંધિત વિભાગના વડા

283. આપની કચેરીમાં કેશિયર દ્વારા રૂા. 5,000/- ની ઉચાપત કરવામાં આવે છે. તો આ બાબત કયા વિભાગના ધ્યાન પર લાવવી ફરજિયાત છે ?

(A) સામાન્ય વહિવટ વિભાગ
(B) ગૃહ વિભાગ
(C) નાણાં વિભાગ
(D) કોઈ પણ નહીં

284. કંડમ જાહેર કરેલ વાહનની અપસેટ કિંમત રૂા. 12,000/- નક્કી કરવામાં આવે છે તો આ કિસ્સામાં આ કંડમ કારને નકામી ગણી વેચી નાખવા માટે મંજૂરી આપવાની સત્તા કોને પ્રાપ્ય છે ?

(A) કચેરીના વડા
(B) નિયંત્રણ અધિકારી
(C) ખાતના વડા
(D) ઉપરનામાંથી કોઈ નહીં

285. નાના બાંધકામ અને સરકારી મકાનોમાં ખાસ મરામત હાથ ધરવા માટે ખાતાના વડાને દરેક કેસ દીઠ કેટલી સત્તા છે ?

(A) રૂા. 50,000
(B) રૂા. 1,00,000
(C) રૂા. 1,50,000
(D) રૂા. 2,50,000

286. જામનગર જિલ્લામાં નવા ટેલીફોન જોડાણ સરકારી કચેરીમાં મંજૂર કરવા કોણ સક્ષણ અધિકારી છે ?

(A) કચેરીના વડા
(B) B.S.N.L. ના અધિકારી
(C) સામાન્ય વહીવટ વિભાગ
(D) કલેક્ટર શ્રી

287. ગરમીની મોસમમાં ત્રણ માસ માટે એર-કુલર ભાડે મેળવવા માટે રૂા. 1,500/- ને ત્રણ માસનું ભાડું નક્કી કરવામાં આવે છે. આ અંગેનો ખર્ચ કોણ મંજૂર કરી શકશે ?

(A) વહીવટી વિભાગ
(B) ખાતાના વડા
(C) કચેરીના વડા
(D) પ્રાદેશિક વડા

288. જીલ્લાના સહકારી મંડળીના રજીસ્ટ્રાર માટે ખરીદવામાં આવેલ ઈનોવા કારની ખરીદ કિંમત રૂા. 15,00,000/- છે, બીજા વર્ષે અકસ્માત થતાં રૂા. 1,20,000/- નો ખર્ચ આવે છે આ ખર્ચ કોણ મંજૂર કરી શકશે ?

(A) કચેરીના વડા
(B) કલેક્ટર શ્રી
(C) નિયંત્રણ અધિકારી
(D) ઉપાડ અધિકારી

289. બજેટમાં જોગવાઈ થયેલ બાબતો પૈકી રૂા. 8,00,000/- ની કિંમતના કોમ્પ્યુટર શ્રમ નિયામકશ્રી (ખાતાના વડા) તેમની તાબાની કચેરીઓ માટે ખરીદવા માંગે છે, તેમને તે મંજૂર કરવાની સત્તા છે ?

(A) હા
(B) વહીવટી વિભાગની પૂર્વ મંજૂરી લઈને કરી શકાય
(C) તાબાની કચેરીઓના વડા આ સત્તા ધરાવે છે
(D) રાજ્ય સરકારના નાણાં વિભાગ અને આઈ.ટી. વિભાગની સંમતિ મેળવ્યા બાદ ખાતના વડા ખરીદી કરી શકે

290. તાલુકા કક્ષાના કચેરીના વડાને કચેરીમાં યોજાતી મિટિંગોમાં ચા / કોફી બિસ્કીટ અલ્પાહાર ખર્ચ માટેની મંજૂરી આપવા શું મર્યાદા છે ?

(A) રૂા. 10/-
(B) રૂા. 15/-
(C) રૂા. 20/-
(D) કોઈ સત્તા નથી

291. ગુપ્ત સેવા ખર્ચ અંગેના P.A.O. / ટ્રેઝરીમાં રજૂ કરવાના બિલ સાથે વાઉચર સમર્થનની જરૂર છે કે કેમ ?

(A) હા જી

(B) ના જી

(C) ગુપ્ત સર્ટિફિકેટ Sealed coverમાં બિલ સાથે ટ્રેઝરી અધિકારી P.A.O.ને વિગત સાથે આપવાનું રહે.

(D) આ અંગે કોઈ નિયમ નથી

292. નવી શરૂ કરાયેલ કચેરીમાં લોખંડના કબાટો, રેકર્ડ મુકવાના ઘોડા ખરીદવા માટે સરકારની મંજૂરી દરેક કેસમાં લેવી જરૂરી છે ?

(A) હા

(B) ના

(C) કચેરીના વડાને મંજૂરી વગર ખરીદવાની સત્તા છે

(D) નવી કચેરી કોઈ કચેરી વડા મંજૂરી વગર ખરીદી શકે છે

293. એક અધિકારીના ચેમ્બરની ચાવી ખોવાઈ ગઈ છે તે નવી કરાવવા માટેનો ખર્ચ તેની પાસેથી કયા સંજોગોમાં વસૂલ કરી શકાય ?

(A) કોઈપણ સંજોગોમાં ચાવી ખોવાયેલ હોય તો પણ ખર્ચ વસૂલ કરવો જ પડે.

(B) ખર્ચ વસૂલ ન જ કરી શકાય.

(C) અધિકારીની બેદરકારીથી ખોવાયેલ હોય તો ખર્ચ વસૂલ કરી શકાય.

(D) આવો કોઈ નિયમ નથી.

294. તાકીદના સંજોગોમાં ખાનગી પ્રેસમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા પ્રિન્ટીંગ કરાવેલ છે. જેનું બિલ રૂા.50 લાખ આવેલ છે તો તે મંજૂર કરી ચૂકવણા માટે કોની મંજૂરીની ફરજીયાત આવશ્યક્તા છે ?

(A) ઉદ્યોગ અને ખાણ વિભાગ

(B) સામાન્ય વહીવટ વિભાગ

(C) નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરી

(D) કોઈ નહી

295. સિંચાઈની એક પરીયોજનાના બાંધકામ માટે વધારાના પોલીસ સ્ટાફની જરૂર પડે છે તો તેનો ખર્ચ ક્યાં ઉધારવાનો રહેશે ?

(A) પોલીસ વિભાગની જિલ્લાની ગ્રાંટ ખાતે

(B) રાજ્ય સરકાર આ સેવા આપવા બંધાયેલ છે આ ખર્ચ રાજ્ય સરકારના પોલીસ વિભાગની ગ્રાંટ ખાતે

(C) સરકારી કચેરી હોઈ કોઈ ખર્ચ ઉધારવાનો થશે નહીં

(D) સિંચાઈ વિભાગની તે પરીયોજના ખાતે

296. મરઘા વિકાસ માટે મરઘાં સંવર્ધન મથક દ્વારા રૂા. 5000 નો ખોળ પાછળ ખર્ચ કર્યો છે. આ ખર્ચનું બિલ સરકારી તિજોરીમાં દાખલ કરવા માટે સામી સહી કરનાર કયો સત્તાધિકારી ગણાશે ?

(A) મરઘા સંવર્ધન મથકના કચેરીના વડા
(B) મરઘા વિકાસ અધિકારી
(C) પશુપાલન નિયામક
(D) અગ્રસચિવશ્રી, કૃષિ અને પશુપાલન વિભાગ

297. જિલ્લા તિજોરી કચેરીમાં સરકારી ટપાલ ટિકિટોની ખરીદી બાદ બિલ દાખલ કરવા માટે રજીસ્ટ્રી ઈન્ચાર્જનું પેટા વાઉચર જરૂરી છે ?

(A) પોસ્ટ માસ્તરનું સહી કરેલ બિલ જરૂરી છે
(B) કચેરી વડાની સહીનું પેટા વાઉચર જરૂરી છે
(C) રજીસ્ટ્રી ઈન્ચાર્જ દ્વારા સહી કરેલ બિલ જરૂરી છે
(D) ના જી, ઉપરનામાંથી કોઈ જરૂરી નથી

298. બાતમીદારોને આપવામાં આવતા ઈનામોની હિસાબ તપાસણી અધિકારી દ્વારા ચકાસણી -

(A) કરાવી જ જોઈએ
(B) તેની મુનસફી પર છે
(C) કરી જ ન શકે
(D) કચેરીના વડાની મંજૂરીથી કરી શકે

299. કચેરીની કામગીરી માટે રાખેલ અંશકાલીન કર્મચારીનો પગાર કયા હેડે ઉધારવાનો રહે ?

(A) મહેકમ પગાર ખર્ચ
(B) આકસ્મિક નિધિ ખર્ચ
(C) આકસ્મિક ખર્ચ
(D) બિન રાજ્યપત્રિત કર્મચારી પગાર ખર્ચ

300. તા. 14/1/2016 ના રોજ લીધેલ ઉચ્ચક બિલનું વિગતવાર બિલ દાખલ કરવાની છેલ્લી તારીખ કઈ રહેશે ?

(A) 13/2/2016
(B) 13/3/2016
(C) 12/4/2016
(D) 13/4/2016